CMYK

Website : www.rakhewaldaily.com  Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૪૯
તા.૨૮-૦૧-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ મહા સુદ - ૧૧
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૪  સૂર્યાસ્ત : ૦૬:૨૨

તાપમાન: ડીસા ૧૦.૩ | અમદાવાદ ૦૯.૮ | ગાંધીનગર ૦૮.૨ | વડોદરા ૧૦.૬ | સુરત ૧૪.૪ | નલિયા ૦૭.૪

ચાંદી : ૪૦,૦૦૦  સોનું : ૩૧,૦૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2015-17  RNI No 20508/71  Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ  પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭  જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

# ૬૯ મા ગણતંત્ર દિને સૈન્યની તાકાતના દર્શન

## વિચાર વૈભવ...

આજના અધિકારીઓ-નેતાઓ સરકારી- ગૌચર પ્લોટ પડાવી લે, સસ્તા ભાવે માલિક થઈ જાય, પોતાના કલ્યાણ માટે ગરીબ પ્રજા કે સૈનિકોને પણ જોતા નથી. એક- એકથી ચઢિયાતાં 'આદર્શ' કૌભાંડો કરે છે. અબજો એકત્ર કર્યા પછી પણ જેને સંતોષ નથી એ પોતાની પ્રજાનું 'કલ્યાણ' વિચારે જ કયાંથી?

ભગવાન સ્વામિનારાયણના ભકત અનુયાયી પંચાળાના દરબાર ઝીણાભાઈ. ભગવાન સ્વામિનારાયણ પાંચાળા પાસેથી પસાર થવાના સાંભળી દરબારે વિનંતી કરી, પાંચાળામાં સામૈયું- ઉત્સવ કરો.

સ્વામીએ તેના હૃદયના ભાવ વાંચી 'સામૈયા' નો સ્વકાર કર્યો. મોટો ઉત્સવ થયો. ભજન- કિર્તન- પ્રસાદ થયા, ભકતજનો ખુશ- ખુશાલ થઈ ગયા.

સ્વામિનારાયણ પણ પ્રસન્ન થયા અને ઝીણાભાઈને કંઈ પણ માગવાનું કહ્યું.

આજના નેતા પ્રધાનપદ કે સત્તા માગે પણ દરબાર ઝીણાભાઈ કહે, 'ભગવાન, મારી પ્રજાને એવી ભકતવત્સલ બનાવો કે કોઈને પણ મૃત્યુ પછી નરક નહીં, પણ મુકિત જ મળે.'

પ્રજાવત્સલ રાજા આવા હોય !

સુરેશ પ્રા.ભટ્ટ

## સાર સમાચાર...

### કોલ્હાપુરમાં બસ ગંગા નદીમાં ખાબકી : ૧૩ મુસાફરોના મોત

કોલ્હાપુર

મહારાષ્ટ્રના કોલ્હાપુરની નજીક એક બસ પંચગંગા નદીમાં પડી જવાના કારણે ૧૩ મુસાફરોના કરૂણ મોત નીપજયા હતા, જયારે ત્રણથી વધુ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. મૃત્યુ પામનાર લોકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યે કોલ્હાપુર પાસે પંચગગા નદી પર બનેલા શિવાજી બ્રીજ પર આ ઘટના બની હતી. પૂરપાટઝડપે જઈ રહેલી બસ નિયંત્રણ બહાર જતી રહેતાં અચાનક જ ડિવાઈડર તોડીને પંચગંગા નદીમાં ખાબકી હતી. બસ નદીમાં જ ખાબકતાં મુસાફરોની ચીસાચીસ અને કરૂણ આક્રંદ શરૂ થઈ ગયા હતા. સૌકોઈ બચાવો બચાવોની બૂમો પાડવા માંડયા હતા. બીજીબાજુ, બસ નદીમાં ખાબકતા જોઈ ગયેલા કેટલાક લોકોએ બનાવની જાણ પોલીસને તાત્કાલિક કરી હતી.

## ગતકડું....

- દેવન વ્યાસ



શું કરૂ બહેન ! અમારા એ મોંઘવારી મુદ્દે વારંવાર છૂટાછેડાની ધમકીઓ આપે છે...!!

## ઉજવણી વેળા જુદી જુદી ઝાંકીઓ મુખ્ય આકર્ષણ : દિલ્હીમાં ઐતિહાસિક રાજપથ ખાતે ભવ્ય પરેડથી લોકો ભારે ઉત્સાહિત થયા : રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાવ્યો



નવી દિલ્હી

દેશભરમાં ગઈકાલે ૬૯માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઐતિહાસિક દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે તિરંગો ધ્વજ લહેરાયો હતો અને સલામી આપી હતી. આ ગાળા દરમિયાન રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટનગર દિલ્હીના ઐતિહાસિક રાજપથ ઉપર પરેડ દરમિયાન ભારતીય સેનાએ પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું હતું. ભારતના રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાયો હતો અને પરેડની સલામી લીધી હતી. રાજપથ તિરંગાના રંગમાં રંગાઈ જતાં લોકોએ ગર્વ અનુભવ કર્યો હતો. બીજી બાજુ સૈન્ય પરેડ અને સાંસ્કૃતિક વિવિધતાની તાકાતને જોવા માટે ૧૦ આસિયાન દેશના વડા ઉપસ્થિત રહ્યા હતા.આ તમામ નેતાઓ પણ રોમાંચિત થઈ ગયા હતા. પાટનગર દિલ્હીમાં રાજપથ ખાતે ત્રણે સેના, અર્ધલશ્કરીદળો, પોલીસ દળ, બાળકોની પરેડ શાનદાર રહી

અનુસંધાન પાના નં.૬

આમ પ્રજાની નજર કર રાહતોની છૂટ પર

## મોદી સરકાર માટે બજેટ પડકારરૂપ રહેવાની શકયતા

**કૃષિ, ઉદ્યોગ, બેરોજગારી ઉપરાંત સ્વાસ્થ્ય, શિક્ષણ અને રાજકોષની જાળવણી નાણાંમંત્રી માટે પડકારરૂપ**

નવી દિલ્હી

આગામી તા.૧લી ફેબ્રુઆરીએ કેન્દ્રની મોદી સરકાર તેનું ૪થુ અને આખરી પૂર્ણકાલીન બજેટ રજૂ કરશે, જે ઘણી બાબતોને લઈ વિશેષ રહેશે. દેશમાં નવી અપ્રત્યક્ષ કર પ્રણાલિ એટલે વસ્તુ તેમ જ સેવા કર(જીએસટી) લાગુ કર્યા બાદ આ પહેલું બજેટ હશે. આ સિવાય ૨૦૧૯માં આવનારી લોકસભા ચૂંટણી અને અન્ય રાજયોની વિધાનસભા ચૂંટણી પહેલાનું આ અંતિમ બજેટ હશે. આ જ કારણ છે કે, કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી માટે લોકોની આશાઓ અને રાજકોષીય અનુશાસન વચ્ચે સંતુલન સાધવાના દ્રષ્ટિકોણથી આ બજેટ કોઈ પડકારથી ઓછુ નથી. આ વખતના બજેટમાં મહત્વના મુદ્દાઓ રહેશે તેની પર નજર નાંખીએ તો, ગ્રામીણ અર્થવ્યવસ્થા આપણી આર્થિક પ્રણાલિનો આધાર છે અને તેમાં નોંધાયેલી ઉદાસીનતા મોદી સરકાર માટે ચિંતાનું કારણ બની છે. ખાસ કરીને ખેડૂતોના દેવા માફીને લઈ ભારે હોડ જામી, જેની સીધી રાજકોષની સ્થિતિ પર પડે છે. ૨૦૦૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના સરકારના લક્ષ્યાંકને પૂરું કરવા ખેડૂતોના દેવામાફીથી આગળ વધીને બુનિયાદી સુવિધાઓ પર પણ ધ્યાન અપાવું જોઈએ કે જેનાથી ગ્રામીણ અર્થવ્યવસ્થામાં તેજી લાવી શકાય. આ માટે સરકાર સ્વામીનાથન કમીટીના રિપોર્ટની ભલામણો પર વિચાર કરી શકે છે કે જેમાં કૃષિ ઉત્પાદનોમાં સતત વધારાની સ્થિતિ પછી પણ ખેડૂતોની સ્થિતિમાં સુધારો નહી થવાના કારણોની વાત કરવામાં આવી છે. તે પછી વાત ઉદ્યોગોની આવે છે. દર વર્ષે બહાર પડી રહેલા અંદાજે દસ લાખ બેરોજગાર યુવાનોને સરકારની નોકરી આપવું સંભવ નથી પરંતુ નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ઉત્તેજન આપીને સરકાર રોજગારની સમસ્યાને પહોંચી વળવાનો પ્રયત્ન કરી શકે છે. લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સરકારી સહાયની તાતી જરૂર છે કારણ કે, નોટબંધી અને જીએસટી લાગુ

અનુસંધાન પાના નં.૬

## થરાદ ખાતે જિલ્લાકક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

(વિષ્ણુ દવે)



(પ્રતિ.) થરાદ

પ્રજાસતાક દિન ૨૬મી જાન્યુઆરીનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ થરાદની આદર્શ નિવાસી શાળા ખાતે રાજ્યકક્ષાના મંત્રી દિલીપ ઠાકોરના અધ્યક્ષ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દિલીપભાઈ ઠાકોર દ્વારા તિરંગો લહેરાવી રાષ્ટ્રીયપર્વ પ્રવચન કર્યું હતુ.જેમાં પ્રજાજનોને રાષ્ટ્રીય પર્વની શુભેચ્છા પાઠવી હતી તેમજ દેશના શહીદો તેમજ વીરપુરુષોની યાદ કરી તેમની શહાદતને નમન કર્યા હતા. તિરંગાને સલામી આપ્યા બાદ રાજ્યમંત્રીએ ખુલ્લી જીપમાં બેસીને બનાસકાઠા પોલીસના પરેડનું નિરીક્ષણ કર્યું હતું તેમજ જિલ્લાના વિશિષ્ટ સિદ્ધિઓ ધરાવતાં કર્મચારીઓ અને રમતવીરોનું પ્રમાણપત્ર તેમજ ટ્રોફી આપી સન્માન કર્યું હતું શહેરની જનતા હાઈસ્કુલ તથા ગાયત્રી વિદ્યાલય, ગાયત્રી નગર ,ગુરુકુળ વિદ્યામંદિર તેમજ સરકારી શાળા નંબર બે અને ત્રણ તથા જિલ્લાની ડીસા તથા અંબાજી જેવી મહાશાળાઓના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે ગીત નૃત્યુ, નાટક,જીમ્નાસ્ટીક અનુસંધાન પાના નં.૬

## અંબાજી નજીક બસ અને કાર વચ્ચે અકસ્માતમાં બેના મોત

(પ્રતિ.) અંબાજી

આજે બપોરનાં સુમારે અંબાજી નજીક ધાબાવાળી વાવ પાસે અકસ્માતની ઘટના બનતાં એક યુવક યુવતીનું ઘટના સ્થળે મોત નિપજેલ છે. અંબાજીથી જતી અંબાજી મહેસાણા એસ.ટી પસ અને સામે થી આવી રહેલાં સિફટ ડિઝાયર કાર નંબર gj-૨૪ aa-૧૭૮૮ જે અંબાજી નજીક ધાબાવાળી વાવ પાસે ધડાકા ભેર અથડાતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં સિફ્ટ ડિઝાયર કારમાં બેઠેલ એક દંપતી જે પાટણનાં હોવાનું જાણવા મળેલ છે. જેમનું ઘટના સ્થળે જ મોત નિપજેલ છે. જે



બન્નેનાં મૃતદિહને અંબાજીની કોટેજ હોસ્પીટલ માં લાવવામાં આવેલ છે. આ ઘટનાની જાણ અંબાજી પોલીસ ને થતાં પોલીસ ઘટના સ્થળે પહોંચી બનાવ અંગેની તપાસ હાથ ધરી છે. આ મરણ જનારમાં ડૉ.વિપુલ પ્રજાપતી, અધ્યાપક,

અનુસંધાન પાના નં.૬

### આઈપીએલ-૧૧ હરાજી : સ્ટોકસ રૂપિયા ૧૨.૫ કરોડમાં ખરીદાયો

બેંગ્લુરુ

ઈન્ડિયન પ્રીમીયર લીગની ૧૧મી સીઝન માટે આજથી બેંગ્લુરુમાં પ્લેયર્સની હરાજી શરૂ થઈ હતી. આવતીકાલે રવિવાર સુધી ચાલનારી આ હરાજીમાં આઠ ટીમોની ફ્રેન્ચાઈઝી ઓનર્સ દ્વારા ૧૮૨ પ્લેયર્સ માટે બોલી લગાવવાનું શરૂ કરાયું છે. બેન સ્ટોક્સને રાજસ્થાન રોયલ્સે રૂ.૧૨.૫ કરોડમાં ખરીદયો હતો. જયારે સૌથી મોંઘા ભારતીય ખેલાડીઓમાં કેએલ રાહુલ અને મનિષ પાંડે રહ્યા હતા. કિંગ્સ ઈલેવન પંજાબે આ બંને ખેલાડીઓને ૧૧-૧૧ કરોડમાં ખરીદ્યા હતા.

જોઈએ છે

દામા જૈન દેરાસર માટે પુજારી જોઈએ છે

॥ કોન્ટેક ॥
ભુરાભાઈ શાહ
મો.૯૪૨૭૪ ૫૭૭૨૩
મો.૯૫૮૬૬ ૦૦૩૫૫

તેરમી વાર્ષિક પૂણ્યતિથીએ
શ્રધ્ધાંજલિ



સ્વ.ગોરધનજી ગીગાજી માળી
પૂર્વ ધારાસભ્ય - ડીસા
સ્વ.તા.૨૭-૦૧-૨૦૦૫

પ્રેમભરી પુષ્પાંજલિ, ભાવભરી ભાવાંજલિ, અશ્રુભરી અલ્પાંજલિ, સ્નેહભરી શ્રધ્ધાંજલિ
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
ટાંક મફતલાલ ગીગાજી
ટાંક બાબુલાલ ગીગાજી
ટાંક પરેશકુમાર ગીગાજી
ટાંક નવિનકુમાર ગોરધનજી
ટાંક પ્રવિણકુમાર ગોરધનજી
સમસ્ત ગીગાજી સવાજી માળી પરિવાર - ડીસા




CMYK

સૂર્યોદય - ૭.૨૪ સૂર્યાસ્ત - ૬.૨૨

## તિથિદર્શન

મહા સુદ-૧૧ રવિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા સુદ :અગીયારસ રવિવાર નક્ષત્ર:મૃગશીર્ષ રાત્રે ૧.૪૨ પછી આદ્રા યોગ :ઐદ્ર કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### દુર્મંત્રી રાજ્યનાશાય ગ્રામનાશાય કુંજરઃ શ્યાલકો ગૃહનાશાય સર્વનાશાય માતુલઃ

'ખરાબ મંત્રી રાજ્યનો નાશ કરનાર સાબિત થાય છે અને ખરાબ- બગડેલો હાથી (સલાહકાર) જનસમુદાયનો નાશ કરે છે, સાળો બહેનના ઘરનો જ નાશ કરે છે.' કરુણાનીધિનો સમગ્ર પરિવાર- ભાઈઓ- જમાઈઓ - મામી - માસાના તમામ કુટુંબીજનોનો પક્ષ - સંગઠન રાજ્યમાં સરકાર ચલાવે જ છે. કેન્દ્રમાં પણ 'ટેકા' માં ટકી ગયા હતા... પરિવારજનો જ ઘર- પરિવારનો નાશ કરે છે. સ્પેક્ટ્રમ અને અન્ય ખાયકીને કારણે બધો પરિવાર જેલમાં સ્નેહ સંમેલન ગોઠવે છે.

કાશ્મીર વારસાગત ગાદીપતિઓએ ખોખલું બનાવ્યું, દિલ્હીના સરકારી જમાઈ અને પૂર્વપ્રધાનોના સંતાનો- ખાયકીની ખાણો ખોદવામાં પડ્યા છે. પીએમઓ કચેરી કોઈની સલાહ- સૂચના માર્ગદર્શન પ્રમાણે જ ચાલતી હોય તો બિચારા મૌન પ્રધાનમંત્રી 'વિનાશ' જોયા વિના બીજું શું કરી શકે?

ભારત આજે આવા સંબંધીઓના સકંજામાં છે - સૌ તિજોરી ફોલી ખાય છે. સર્વનાશ નિશ્ચિત છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) હર્ષ-ઉલ્લાસ ભર્યો દિવસ, માંગલિક કે ધાર્મિક કાર્યમાં ધન વપરાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) ધનલાભના યોગ છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય.**
**મિથુન : (ક.છ.ઘ.) વ્યર્થ વિવાદનો સામનો કરવો પડે. મહત્વના કાર્યો ટાળવા.**
**કર્ક : (ડ.હ.) આર્થિક સમસ્યાનું નિરાકરણ થાય. રચનાત્મક કાર્યો થાય.**
**સિંહ : (મ.ટ.)અટકેલા કાર્યો પૂર્ણ થાય. આર્થિક લાભ મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) પારિવારીક જીવનમાં વિષમતા રહે. ધીરજના ફળ મીઠા મળે.**
**તુલા : (ર.ત.) બેચેની ભર્યો દિવસ વિતે. આર્થિક વિકાસ મંદ રહે.**
**વૃશ્ચિક : (ન.ય.)આર્થિક લાભ થાય. પ્રિયજન સાથેની મુલાકાત સફળ બને.**
**ધન : (ભ.ફ.ધ.) વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.**
**મકર : (ખ.જ.)લાભની આશા ઠગારી નીવડે. વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ.**
**કુંભ : (ગ.શ.સ.) નવિન સમાચાર મળે. આર્થિક ધનલાભ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) મુસાફરી ટાળવી હિતાવહ. વ્યર્થ દિવસ રહે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

લાલ,પાલ અને બાલની ભારતભરમાં વિખ્યાત ત્રિપુટીમાંના એક સમાજ-ધર્મસુધારક, લોકપ્રિય નેતા લાલા લજપતરાયનો જન્મદિન છે. એમનો જન્મ તા.૨૮-૧-૧૮૬૫ના રોજ થયો હતો.એમણે 'ગોરી બાલ્ડી','છત્રપતિ શિવાજી', શ્રદ્ધાનંદજી','શ્રીકૃષ્ણ' એમ કુલ ચાર પુસ્તકો લખ્યાં હતા. ઠેરઠેર રાષ્ટ્રીય શિક્ષણ આપતી હાઈસ્કુલો અને કોલેજો સ્થાપવામા, પંજાબ નેશનલ બેન્કની સ્થાપનામાં અને ગાંધીજીએ આરંભેલી અસહકારની ચળવળમાં લાલાજી જીવ્યા ત્યાં સુધી મોખરે રહ્યા.આ મહાન દેશભક્તનું ૧૭-૧૧-૧૯૨૮ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# કાંકરેજ તાલુકા કક્ષાનો ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ખિમાણા ખાતે કરાઈ


સજજનસિંહ સોલંકી

પ્રતિનિધિ ખીમાણા, કંબોઈ

કાંકરેજ તાલુકા કક્ષાનો ૬૯મોં પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી ખિમાણા ખાતે યોજાયો હતો ત્યારે ધ્વજ કાંકરેજ મામલતદાર બી.એન.જોષીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો તેમાં સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. કાંકરેજ તાલુકામાં કંબોઈ ગાયત્રી હાઈસ્કૂલમાં કેળવણી મંડળના ચેરમેન કરણસિંહ સોલંકીના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. રાનેર ખાતે સરપંચ મેતુભા જાદવે ધ્વજ લહેરાવ્યો અકોલી પે.કેન્દ્ર શાળામાં કાજલબા વાઘેલાએ શિહોરી પે કેન્દ્ર શાળામાં નરેન્દ્રસિંહ વાઘેલાએ શિહોરી વાલાણી હાઈસ્કૂલમાં ભારતસિંહ ભતેસરીયાએ તાલુકા પંચાયતમા પ્રમુખ શ્રીમતી તારાબેન સોલંકીએ ઉંબરીમાં સરપંચ ઈંદ્રાબા વાઘેલાએ કંબોઈ પે.કેન્દ્ર શાળામાં સરપંચ કાનજી સોલંકી અરણિવાડામાં સરપંચ રાજાજી સોલંકી બુકોલીમાં સરપંચ દશરતભાઈ દેસાઈ, દુદાસણમાં સરપંચ લવજીજી ઠાકોરે, અને તમામ ગામોમાં ધ્વજ વંદન કાર્યકર્મો યોજાયા હતા ત્યારે ખિમાણા ખાતે યોજાયેલા તાલુકા કક્ષાના ધ્વજવંદન કાર્યક્રમમાં કાંકરેજ ટીડીઓ અનિલભાઈ ત્રિવેદી, મફાજી સોલંકી ભારતસિંહ ભટેસરિયા, બચુભા સોલંકી સર્કલ, ખિમાણા સરપંચ, કપુરજી પરમાર રમેશભાઈ વાઘડા શિહોરી પીએસઆઈ જી.કે.જાડેજા અને મોટી સંખ્યા માં લોકો એ સલામી આપી હતી.

# વડગામના મોરીયા નગરે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં માનવ મહેરામણ ઉમટ્યું


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

લોકમાતા સરસ્વતી નદીના સંગમ સ્થાને વડગામના મોરીયા ગામે આવેલ ઐતિહાસિક ચમત્કારીક શ્રી વાઘેલા વીર મહારાજના નવિન મંદિરમાં પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ગઈકાલ શનિવારે ભક્તિમય માહોલમાં સમાપન થયું હતું. ગત તારીખ ૨૫/૧/૨૦૧૮ ગુરૂવારથી મહોત્સવનો પ્રારંભ થયો હતો. ગત તારીખ ૨૫/૧/૨૦૧૮ ગુરૂવારથી મહોત્સવનો પ્રારંભ થયો હતો. સમસ્ત મોરીયા ગ્રામજનો દ્વારા ત્રિદિવસીય પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં જળયાત્રા, યજ્ઞ, લોકડાયરો, રાસ ગરબાના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કર્યું હતું. ગતરોજ ત્રીજા દિવસે મંડપ દેવતાઓનું પ્રાતઃ પૂજન, શ્રી વાઘેલા વીર મહારાજની શોભાયાત્રા, મંદિરના શિખરનું ૮૯ કળશથી મહાસ્નપન, શોભાયાત્રાનું સામૈયું, શ્રી વાઘેલા વીર મહારાજ તથા ભટીયાણીમાતાજીની જયોતની પ્રાણ પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠા યજ્ઞ પૂર્ણાહુતિ, ૧૦૦૮ દિપની મહાઆરતી વગેરે ધાર્મિક કાર્યક્રમમાં હજારો ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં આવનાર તમામ દર્શનાર્થીઓ, ભક્તો માટે ગ્રામજનો તરફથી ચા- પાણી, ભોજન પ્રસાદીનું આયોજન કર્યું હતું.

# શેઠ કે.બી. વિદ્યામંદિર સરદારપુરા (ર.) ખાતે ૬૯મા પ્રજાસ્તાક દિનની ઉજવણી


અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના સરદારપુરા (ર.) મધ્યે શ્રી પ્રગતિ એજ્યુકેશન ટ્રસ્ટ દિયોદર સંચાલીત શેઠ કે.બી. વિદ્યામંદીર ખાતે ૬૯મા પ્રજાસ્તાકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગામના અગણ્ી અને સેવા મંડળીના કમીટી સભ્ય દેસાઈ અમરતભાઈ હરજીભાઈના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવેલ. સવારે સૌ બાળકો એકઠા થયેલ. ત્યારબાદ શાળાના શિક્ષકશ્રી પ્રકાશભાઈ ચૌધરીએ કાર્યક્રમનું સંચાલન કરતાં સૌને આવકારેલ. ત્યારબાદ ધ્વજવંદન થયેલ આ પ્રસંગે ટ્રસ્ટના મંત્રી બાબુભાઈ માળીએ સૌને આવકારતાં જણાવેલ કે ગામની બાલીકાઓ માટે આ શાળા શિક્ષણ જ્યોત જગાવવામાં મહત્વપૂર્ણ ભુમિકા ભજવી રહી છે. ગામની બાલીકાઓ આજે ધો.૧૨ સુધી ઘેર બેઠાં અભ્યાસ કરી આગળ વધી રહી છે.

સમારંભના અધ્યક્ષ અને આજના ધ્વજવંદન કર્તા અમરતભાઈ દેસાઈએ બાળકોને ઘેરબેંઠાં ઉભી થયેલ શિક્ષણની સવલતનો લાભ લેવા જણાવેલ. તેમના દ્વારા બાળકોને પ્રસાદીનું વિતરણ કરવામાં આવેલ.૧૫મી ઓગસ્ટના રોજ ધ્વજ વંદન કરનાર પુરોહિત ભુદરભાઈ કેશાભાઈ તથા આજના ધ્વજવંદન કર્તા અમરતભાઈ દેસાઈએ સાથે મળી સ્કુલને એક કોમ્પ્યુટર ભેટ આપવાની જાહેરાત કરેલ.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અશોકભાઈ શેઠ, સરપંચશ્રી કરશનભાઈ શિલ્વા, પ્રહલાદભાઈ જોષી, પૂર્વ ડે.સરપંચ ઈશ્વરભાઈ ઠાકોર, દુધ મંડળીના મંત્રી કનુભાઈ દેસાઈ, પ્રા.શાળાના આચાર્યશ્રી સહીત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. ચૌહાણ સોમાભાઈ, નાઈ દિનેશભાઈ, પ્રજાપતિ દિલીપભાઈ સહીતના સ્ટાફગણે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવેલ.

# વડાવલમાં ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવલ

વડાવલ પ્રાથમિક શાળા તા ડીસા ખાતે પ્રજાસત્તાક પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી.જેમા વહેલી સવારે ગામના મુખ્ય માર્ગો પર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો સાથે પ્રભાતફેરી યોજી.ત્યારબાદ ધ્વજવંદન કાર્યક્રમ થયો. જેમાં દિકરી ને સલામ દેશ કે નામ અંતર્ગત ગામમાં વધારે અભ્યાસ કરેલી કાજલ બેન ઠાકોર નામની દિકરી ના વરદ હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યુ લોરવાડા સી આર સી જીતુભાઈ ભાટીયા અધ્યક્ષ સ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો.જેમા શાળાના, બાળકો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા .ગામના વડીલો યુવાનો આગેવાનો વગેરે બહોળી સંખ્યામાં હાજરી આપી અને કાર્યક્રમને સફળ બનાવવા મહેનત કરી હતી. આ કાર્યક્રમ ને સફળ બનાવવા શાળા પરિવારના રાજેશભાઈ .ગોવિદભાઈ અલ્પેશભાઈ કપીલભાઈ અનિલભાઈ રણવીરસિંહ વગેરેએ ખૂબ જહેમત ઉઠાવી હતી.સમગ્ર કાર્યક્રમનું આયોજન અને વ્યવસ્થા આચાર્યશ્રી પ્રભાતસિંહ ચાવડા વડાવલ પ્રાથમિક શાળા દ્વારા કરવામાં આવી હતી.

# પોલીસમાં નોકરી આપવાના બહાને કોટડા ગામની યુવતી ઉપર સામુહિક દુષ્કર્મ

## ચાર શખ્સો સામે જિલ્લા પોલીસ વડાને ફરીયાદ

પાલનપુર

ધાનેરા તાલુકાની કોટડા ગામની એક યુવતી અમદાવાદ ખાતે કોચીંગ ક્લાસ ચલાવી રહી છે ત્યારે ચાર શખ્સોએ તેણીને પોલીસમાં નોકરી આપવાના બહાને લાલચ આપી વારાફરથી સામુહિક દુષ્કર્મ આચર્યુ હોવાના આક્ષેપ સાથે ગઈકાલે યુવતીએ પાલનપુર ખાતે જિલ્લા પોલીસ વડાને લેખીત રજુઆત કરી હતી. જેમાં આ શખ્સોની અટકાયત કરી ફરીયાદ દાખલ કરવા જણાવ્યું હતું.

# થરાદ ૧૦૮ ઈએમટીનું ઉત્કૃષ્ઠ કામગીરી બદલ સન્માન


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદ ૧૦૮માં સાડા પાંચ વર્ષથી ફરજ બજાવતાં ઈએમટી હિનાબેન રફીકભાઈ સિપાઈનું ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ૨૬ મી જાન્યુઆરીના રોજ રાજયના રાજયના શ્રમ અને રોજગાર, ડીઝાસ્ટાર તથા યાત્રાધામ વિકાસ મંત્રી દિલીપ ઠાકોર દ્વારા શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.અગાઉ પણ ૨૦૧૬માં રાજયના મંત્રી રજનીભાઈ પટેલના વરદહસ્તે ૨૦૧૪-૧૫ની કામગીરી બદલ લાખણી મુકામે સન્માન કરવામાં આવ્યું હતું. થરાદ ૧૦૮ના કર્મચારીનું સન્માન કરાતાં સાથી કર્મચારીઓમાં આનંદની લાગણી ફેલાવા પામી હતી.

# ધાનેરા ખાતે ભારત માતા પૂજન કાર્યક્રમ યોજાયો


એન.કે.મોદી

તા પ્રતિ. ધાનેરા

ધાનેરા ખાતે મહત્વની સોસાયટીમાં ૫૫ જગ્યાએ ભારત માતા પૂજન કાર્યક્રમ યોજાયો હતો જેમાં વકતાઓ ડાૅ.એમ.એસ અગ્રવાલ, ગોવિદભાઈ પ્રજાપતિ, ઈશ્વરભાઈ પટેલ, કિશોરભઈ બારોટ, વસંતભાઈ રાંગી, રામભાઈ સોલંકી હીરાભાઈ ઠક્કર, કૈલાસભાઈ વિગેરેઓએ ભારત ભૂમિની ભવ્યતા અને મહાનતાના દર્શન કરાવ્યા હતા.

# ડીસાની સ્કૂલમાં ૨૬મી જાન્યુઆરીની અનોખી રીતે ઉજવણી


ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં આવેલ પિરામિડ સ્કૂલ ખાતે વર્ષ દરમિયાન બાળકોમાં જાગૃતિ આવે તે માટે જુદાજુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે ત્યારે ૨૬ મી જાન્યુઆરીની પણ અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી જેમાં શાળાના તમામ વિદ્યાર્થીઓના વાલીઓ પણ હાજર રહીને ઝંડો ફરકાવી તિરંગાને સલામી આપી હતી બાદમાં બાળકો દ્વારા સંસ્કૃતિ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા જેમાં સોનમબેન રાઠી સહિત વિદ્યાર્થીઓ અને વાલીઓ હાજર રહ્યાં હતા.

# ગાંગોલમાં ધ્વજ વંદન

તાલુકા પ્રતિનિધિ દીઓદર

ગાંગોલ ગામે ૨૬મી જાન્યુઆરી પ્રજાસ્તાક દિન નિમિત્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ. આ પ્રસંગે આદર્શ વિદ્યાલય ગાંગોલના પ્રમુખ ઈશ્વરભાઈ ટી.પટેલ, દઝાભાઈ પટેલ, તેજાભાઈ પટેલ, માજી સરપંચ શાંતિભાઈ ચૌહાણ, સરપંચ કરશનભાઈ પટેલ સહીત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહેલ.આ પ્રસંગે બાળકોને તિથિ ભોજન આપવામાં આવેલ. તિથિ ભોજનના દાતા ડે.સરપંચ સુથાર ભેમાભાઈ નાગજીભાઈ હતા. તેમજ આગામી ૧૫મી ઓગસ્ટે ભોજનના દાતાશ્રી જય ભૈરવ એકતા મંડળ ગાંગોલ તરફથી તીથી ભોજન આપવામાં આવશે.

# ડીસામાં ક્રાતિસેના દ્વારા રક્ત દાનમાં ૭૫ બોટલ એકત્ર કરાઈ


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જીલ્લામાં વર્ષોથી કાર્યરત શ્રી ક્રાંતિસેના ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગઈકાલે પ્રજાસત્તાક દિન પ્રસંગે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. થેલેસેમિયાના દર્દીઓને મદદરૂપ બનવાના ભાગ રૂપે ડીસા શહેર ના બગીચા પાસે યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં ૭૫ બોટલ રક્ત ની એકત્ર કરવામાં આવી હતી જેમાં ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા, સેના ના પ્રમુખ રાજુભાઈ ઠાકોર મગનલાલ માળી રાજુભાઈ ઠક્કર સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# પિલુચા ખાતે પી.એચ.સીમાં રસીના બે ટીંપા પીવડાવાશે

પ્રતિ. પિલુચા

વડગામના પિલુચા પી.એસ.સી માં આજે તા.૨૮/૧/૧૮ ના રોજ સવારે ૮ વાગ્યાથી પોલીયોની રસીના બે ટીપાં પીવડાવા માં આવશે. જેથી પિલુચાની તમામ જનતાને પોતાના ૦ થી ૫ વર્ષના બાળકને રસીના બે ટીપાં પીવડાવાનો આગ્રહ રાખે. તેવો પિલુચા પી.એચ.સી માં ફરજ બજાવતા કર્મચારીઓએ અનુરોધ કર્યા હતો.

# પાલડી ખાતે ખોડીયાર જયંતીની ઉજવણી

પ્રતિનિધિ પાલડી

બનાસકાંઠા ડીસા ના પાલડી ગામે શ્રી ખોડીયાર માતા નીમીતે જયંતીની ધામધુમ ઉજવણી કરવામા આવી હતી જેમા હવન (યજ્ઞ) યોજવામાં આવ્યો હતો જેમા ભોજન પ્રસાદ નુ આયોજન રાખેલ હોવાથી અસંખ્ય માના ભકતો પ્રસાદનો લ્હાવો લઈ ધન્યતા અનુભવી હતી અને રાત્રી દરમ્યાન ભવ્ય સંતવાણીનો કાર્યક્રમ રાખેલ હોવાથી ભાવીક ભક્તો ભજન સત્સંગ નો લ્હાવો લીધો હતો.

જેના આયોજક મીત્રો હતા માનસુંગ ભાઈ સુથાર રમેશજી ઠાકોર રેવાભાઈ દેસાઈ ધારશીજી ડેપ્યુટી બાબુજી ઠાકોર તથા ખોડીયાર ભકત પોપટજી ઠાકોર તથા ખોડીયાર યુવક મંડળ અને ગ્રામજનો ના સાથ સહકાર દ્વારા યોજવામા આવ્યો હતો.

# કાંકરેજ તાલુકાના આકોલી ગામે હનુમાનજી મૂર્તિ સ્થાપના અર્થે ખાતમુર્હુત કરાયું


વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના આકોલી ગામે હનુમાનજી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ૨૦૧૮ નિમિતે તા.૨૭/૧/૨૦૧૮ ના રોજ શાસ્ત્રી હરેશભાઈ અને જયંતિભાઈ વેદિયા દ્વારા વિધિવત મંત્રોચ્ચાર કરી હનુમાનજી મુર્તી પ્રસ્થાપિત માટે સિંહાસનનું ખાતમુર્હુત કરાયું હતું. જેમાં આકોલી સરપંચ ગાંડાજી વાઘેલા, બનેસિંહ, બચુભા, કિતુભા તથા ભગત ખેંગારસીંગ અને હવનકુંડ કારીગર કનુભા વાઘેલા સહિત હેમુભા વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બનેસીંગ હપાજી વાઘેલાએ ખાત મુર્હુત કરીને શ્રીફળ અર્પણ કરી ભૂમિ પૂજન કર્યું હતું ત્યારબાદ સર્વે ગ્રામજનો દ્વારા ખાત મુહુર્તમાં શિલ્પા પૂજન કરી સોના-ચાંદી-હિરા તાંબા-પિતળ સહિત રોકડા રૂપિયાથી સિંહાસન ભૂમિને નાગ દેવતા અને યંત્રો દ્વારા વિધિવત પ્રસ્થાપિત કરાયા હતા.

# દીઓદરમાં ખોડીયાર જયંતિની ઉજવણી



તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે ગોદા રોડ ઉપર આવેલ ખોડીયાર માતાજીના મંદિરે ખોડીયાર જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ.વિશાળ જગ્યામાં આવેલ ખોડીયાર ધામમાં માના ભક્ત પરિવાર દેસાઈ રાણાભાઈ સવદાસભાઈ પરિવાર દ્વારા હવન યોજવામાં આવેલ.હવન બાદ પધારનાર ભક્ત વર્ગને આ પરિવાર દ્વારા બુંદીની પ્રસાદી આપવામાં આવેલ.

આ પ્રસંગે તાલુકા સંઘના પૂર્વ ચેરમેન માલજીભાઈ દેસાઈ,ગ્રામ પંચાયતના પૂર્વ સદસ્ય ભારમલભાઈ મિસ્ત્રી, સુરેશભાઈ શાહ (અરિહંત), વી.કે.વાઘેલા હાઈસ્કુલના પ્રમુખ પ્રવિણસિંહજી વાઘેલા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેલ. તેમજ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો-બાળકો માના દર્શનાર્થે પધારેલ.પ્રતિ વર્ષ ખોડીયાર જયંતિએ અહી હવન આદી યોજાય છે.

# &TV પર અગ્નિફેરા અને હાફ મેરેજ રોમાંચક એપિસોડ માટે એકત્ર આવ્યા



દર્શકોને ટૂંક સમયમાં જ હાઈ વોલ્ટેજ ડ્રામા જોવા મળવાનો છે, કારણ કે &TVપર અગ્નિફેરા અને હાફ મેરેજ મહાસંગમ એપિસોડ માટે એકત્ર આવવાના છે. આ એકત્રીકરણમાં અનેક વળાંકો જોવા મળશે, જેને લીધે એપિસોડ એકશનસભર બની રહેશે, જે અનુરાગ-રાગિણી અને ચાંદની- અર્જુન વચ્ચેના સંબંધોમાં કાયમી ફેરફાર લાવી દેશે.ચાંદની આખા સિંહ પરિવાર (અગ્નિફેરા)ને પ્રજાસત્તાક દિવસ સમારંભમાં બોલાવે છે, જ્યાં સાહેબજીએ નકલી ધડાકો કરવાની યોજના બનાવી છે. જોકે અસલી આતંકવાદી તે ચોક્કસ સ્થળે ત્રાટકતાં આખી ઉજવણી બિહામણી બની જાય છે. મુખ્ય કપલ ચાંદની (પ્રિયંકા પુરોહિત)- અર્જુન (તરુણ મહિલાની) અને અનુરાગ (અંકિત ગેરા)- રાગિણી (યુક્તિ કપૂર) દેશભક્તિના ગીત પર નૃત્ય કરતાં હોય ત્યારે બોમ્બનો ડર પેદા થતાં બધા ગભરાઈ જાય છે. શું આ કપલનો અંત આવશે કે પછી તેઓ પોતાનો માર્ગ શોધી કાઢશે? અગ્નિફેરા અને હાફ મેરેજ વચ્ચે મહાસંગમ એપિસોડનું પ્રસારણ ૨૯મી અને ૩૦મી જાન્યુઆરી, ૨૦૧૮ વચ્ચે સાંજે૭.૩૦ અને ૮.૦૦ વાગ્યે થશે, ફક્ત &TVપર.

# લક્ષ્મી મેરે સાંઈ સેટ પર ઘર શોધે છે



મેરે સાંઈનાં સેટ પર એક આરાધ્ય, રમતિયાળ અને સુંદર નાની સભ્ય છે. તે દરેકની મનપસંદ અને સૌથી અગત્યની છે, સાંઈ ઉર્ફે અબીર સૂફીની સતત અને શ્રેષ્ઠ મિત્ર છે. તે લક્ષ્મી નામનીભૂરા રંગની નાની વાછરડી છે.લક્ષ્મીએ માત્ર એક ઘર જ શોધ્યો નથી પણ સેટ પર દરેકનો ધ્યાન પણ મેળવ્યો છે. તે ખૂબ જ નાનીહોવાથી તે ક્રૂ અથવા કાસ્ટમાં દરેકતેને ડ્રોપર સાથે દૂધપીવડાવવા કૂદકા મારે છે. જ્યારે તેણી દરેકની સાથે મૈત્રીપૂર્ણ છે પરંતુ તેની આંખોનોઝબકારોઅબીર છે. જ્યારે યુવાન અભિનેતા સેટમાં ચાલે છે, ત્યારે તે દરેક જગ્યાએ તેને અનુસરે છે અને તેના પ્લે ટાઈમ પર ઈશારો કરે છે. જો અમુક કારણોસર અબીર તેની સાથે રમવા માટે સક્ષમ ન હોય, તો તે તેના નાના પગ અને મોંથી તેને દબાવી દે છે. મેરે સાંઈમાં દર સોમવારથી શુક્રવાર સાંજે ૭:૩૦ કલાકે માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર ટ્યુન કરો.

CMYK

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

ડોકટર : આ લો શરદીની દવા ઘરે જઈને ચા સાથે લઈ લેજો. રાતે ગરમ પાણીમાં પગ મુકીને બેસી જજો.

ચીમનલાલ : હું એવું નહીં કરી શકું મારી પાસે બુટની એક જ જોડી છે. પલળી જશે તો સવારે શું પહેરીશ ?

૦૦૦૦

પપ્પા : બોલ પપલુ, દુનિયામાં બે સહુથી શક્તિશાળી વસ્તુ કઈ છે ?

એક તો મમ્મી.. અને બીજા આપણા નાનીમા.. પપલુએ જવાબ આપ્યો..

૦૦૦૦

સારી હીરોવાળી ફીલીંગ તો ખરેખર ત્યારે જ આવતી જ્યારે નાના હતા અને મમ્મીમાથામાં ઘણું બધું ભેલ નાખી કાંસકાથી ચપોચપ માથું ઓળખાવી કહેતી.. મારો રાજા બેટો..

૦૦૦

ટીચરે પપલુને ટપલી મારીને પુછયું, ચાલ ભવિષ્યકાળનું એક ઉદાહરણ આપ તો..!

પપલુ : રીસેસ પડવા દો.. તમારા બાઈકના ટાયરમાં હવા નહીં હોય..

૦૦૦

દિકરો : મમ્મી અભિનંદન આઠ જન્મ માટે મને નોકરી મળી ગઈ.

મમ્મી : અરે વાહ ! કેવી રીતે ?

દીકરો : મમ્મી મને એકતાકપુરની ડેઈલી સીરીયલમાં કામ મળી ગયું છે.૦૦૦૦



# જીવન અને બિચારીના

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

દેશમાં આજે કેવું કેવું બની રહ્યું છે.કયાંક માથા કપાય છે. કયાંક નાક કપાય છે. કયાંક પથ્થરમારો અને કયાંક વળી ધારિયાં ઉછળે છે. કયાંક કોઈને જબરદસ્તીથી સહી કરાવીને એની મિલકત પડાવી લેવાય છે. તો કોઈ કન્યાને લગ્નની લાલચ આપીને હોટલમાં લઈ જઈ... જય રામજીકી...

જોકે, ખરાબકામ વખતે રામજી...ભગવાનનું નામ ન લઈ શકાય. દેખાડો કરનારા ભગવાનનું નામ લે છે. ભગવાનની સોગન ખાઈને ખોટું કામ કરવું એ જાણે એક ફેશન થઈ ગઈ છે. તમને સરસ નોકરી અપાવી દઉં છેક ઉપર સુધી મારી ઓળખાણ છે. કહીને જાલી પેપર આપીને તમને તમારી સાથે છેતરપીડીં આચરવામાં આવે છે. નોકરી અપાવાના બહાને ઠગનારા ઓછા નથી. તમારા પૈસા પણ ગયા અને નોકરી પણ.. જો કે નોકરી તો નથી મળી. એટલે જવાનો કોઈ પ્રશ્ન નથી.

દેશમાં બેધડક બેશક આવું બધું થવાની બનવાની ઘટનામાં ઉછાળો આવ્યો છે. અમદાવાદની એક હોસ્પિટલમાં દર્દીને અમેરિકન સ્ટેન્ડ મુકવાનું કહી એને દેશી સ્ટેન્ટ મુકી દીધું. બીચારો દર્દી છ દિવસ પછી રામચરણ સુખદાઈ થયો હતો. પૈસા ગયા, માનથી ગયો અને કરનારાઓને કોઈ ફેર નથી. દેશમાં કંઈને કંઈ બનતું રહે છે. જે ન બનવું જોઈએ. આપણને ગમતું નથી એ બને છે અને ગમે છે એ બનતું નથી. લાગે છે આપણું તો બસ આવું જ ચાલવાનું. અમદાવાદમાં એક જ જગ્યાએ એક જ દિવસમાં પાંચ જગ્યાએ સોનાના દાગીના તૂટયા. પોલીસ ફરીયાદો નોંધાઈ. પણ ભજમન રામચરણ થઈને રહ્યું.પોલીસ પકડી ના શકી ન હોવાના સમાચાર છે.વાહ આહ થઈ જાય પોલીસે જે કરવાનું છે.જે સ્નેચરોને પકડવાના છે એના બદલે વાહન ચાલકોને મેમા ઠોકી ઠોકીને ગૌરવ અનુભવવાનું જાણે નક્કી કર્યું છે. એમના મનને એક સંતોષ થતો હશે હાશ અમે કોઈક ને તો પકડીએ છીએ.અમારી નોકરી ડ્યુટી કોઈક ને પકડવાની છે.પોલીસ ગમે તેમ કરે પણ છેલ્લા અહેવાલ મુજબ બાર લાખ માથી નવ લાખ ઈ મેમો ભર્યા નથી.એક જણાએ આ મામલે પુછ્યુ તો કહે દેશમાં આવુ તો બનવાનું પોલીસ મેમો મોકલે એટલે એને ભરવા જરૂરી થોડા છે. વાહ વાહ આ સીસ્ટમ અને આપણી નીતી,સ્નેચરો છટકી જાય છે.આવું બધું આપણા દેશનું ગૌરવ વધારે છે.જે ન બનવું જોઈએ એ બને છે અને જે બનવું જોઈએ એ બનતું નથી.બીચારા પોલીસોએ ગુલાબો આપ્યા,રાખડી બાંધી, પ્રેમની વાતો કરી પણ અમદાવાદનો ટ્રાફિક સુધર્યો હોય તો બતાવો એક ડોશાએ તો દિલની ભડત કાઢતા કહે છે એક એક પોલીસના લમણામાં એવી હેલમેટ મારું કે... મેં કહ્યું અંકલ એવું કરવા કરતા ભજમન રામચરણ સુખદાઈ કરો કાયાનું કલ્યાણ થશે.

આજે તો આપણા દેશમાં આપણે આપણી ખુદની જ જાણે એક ઓળખ ગુમાવી બેઠા છીએ.જુઓ કેટલીક બાબતો આજે તો આધાર કાર્ડ લાવો, પાનકાર્ડ લાવો,ડ્રાઈવિંગ લાઈસન્સ લાવો,લાઈટ બિલ લાવો,બેંકની ચોપડી લાવો, તમારું સર્ટી લાવો,ફલાણા કાગળ લાવો ભણતરની ડીગ્રી લાવો ડાયાબીટીસ હોય તો રીપોર્ટ લાવો ....આ લાવો...તે લાવો ના હોય તો કઢાવીને આવો.. જગ્યા ખાલી કરો આગળના ને આવવા દો.

પણ શું કામ?

સવાલ ઉભો થાય-મનમાં પણ એક સવાલ થાય કે આ દેશમાં જન્મ્યો છું.અહીના હવા પાણી એકદમ માફક આવી ગયા છે.પછી મારી ઓળખ આપવાની તમારે માગવાની જરૂરત ખરી ? સાચે જ લાખો આતંકવાદીઓ, ગુંડાઓ ભલે છુટા ફરે અને અસામાજિક કાર્યો કરે પણ તમારે કરવાના નથી.જો આગળ માંગ્યુ એ ન હોય તો દેશ માટે ભજમન રામચરણ સુખદાઈ.... અરે તમે કઈ જાતના માણસ છો ? સમજાતું નથી. આટઆટલી શિખામણો આપવામાં આવે છે

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# વાણી સ્વાતંત્ર્યનું ખુન આ દેશમાં કયાં સુધી ?

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

અખબાર એટલે વાણી સ્વાતંત્ર્યનો અરીસો. જો અર્થમાં જોવામાં આવે તો આ લોકતંત્રના લોકનેતાઓ, અખબારી આલમના ધુરંધરોની હત્યા રોકવામાં સદંતર નિષ્ફળ નિવડયા છે. આ દેશમાં છેલ્લા બે વરસમાં એક ડઝન કરતાં વધારે પત્રકારોની ક્રુર હત્યા થઈ છે અને ભવિષ્ય પણ પત્રકારો માટે આગ સાથે ખેલ કરવા જેવું છે.. દેખ કબીરા..

સાઉથની એક મહીલા સુશિક્ષિત અને પ્રબુદ્ધ પત્રકાર જે બેંગ્લોર ખાતે વોઈસ ઓફ લંકેશ નામે જે મોટું ટેબ્લોઈડ પત્રિકા પ્રસિદ્ધ કરી રહી હતી તેની ઠંડા કલેજે ઘરમાં જઈ હત્યા કરી.. જેનો એકેય હત્યારો આજ સુધીય પકડાઈ શકયો નથી. શંકાસ્પદ લોકતંત્રના નેતાઓ છેલ્લા ઘણા સમયથી સીટના દાયરામાં પ્રત્યુત્તર આપવા ગેં..ગેં.. ફે..ફે..કરી રહ્યા છે દેખ કબીરા..

આ કોઈ પત્રકારની લોકશાહીમાં હત્યા થાય એટલે માનવું કે આ લોકશાહીની મોટામાં મોટી શરમ છે. લોકશાહી જ્યારે બિચારી બાપડી બની જાય ત્યારે પત્રકારો ઉપર હુમલો થાય છે. સાઉથની એકટીવીસ્ટ પત્રકારના ખુની હુમલાને અનેક એકટીવીષ્ટોએ વખોડી કાઢયો અને હત્યારાઓ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમને કામ સોંપ્યું છે એ પણ ધીમી ગતિએ કામ ચાલે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ ગૌરીલંકેશની હત્યા શરમજનક છે. લોકતંત્રના તદ્દન કાયર લોકનેતાઓ વિરૂદ્ધ સત્યનો અવાજ ઉઠાવનાર મહિલા પત્રકારનું ઘરઆંગણે ખુન કરી આ દેશના મુળભુત બંધારણીય અધિકાર ઉપર તરાપ મારવા જેવું આ આક્રમણ ગણાય.. દેખ કબીરા..

પત્રકાર ગૌરીલંકેશના સ્વતંત્ર વિચારોએ આ દેશના પુનરૂત્થાન માટે મહત્વના હતા પણ જે ખરેખર દેશહિતના નામે દેશનું અહીત કરનારા લોકનેતાઓ છે એ બધાની આંખમાં ખુંચે એવા લાગ્યા એ એક મહીલા પત્રકારનું ગળું ગોંટી દેવાનો કાયર પ્રયાસ થયો છે. આ દેશના બંધારણ મુજબ પ્રત્યેક નાગરિકને પોતાના વિચારો વ્યકત કરવાનું અને યોગ્ય સમયે મૌખિક લેખીત સ્વરૂપે પ્રગટ કરવાનું વાણી સ્વાતંત્ર્ય મળેલું છે.એ વાણીને ઉગતી દાટી દેવાનો પ્રયાસ એટલે આ દેશની લોકશાહી પરંપરાને દબાવી દેવાનો અતિ ભયંકર નિર્દય પ્રયાસ છે.. દેખ કબીરા..

લોકશાહી પરંપરાને વરેલા આ દેશમાં અનેક પત્રકારો ઉપર હુમલા થયા છે એમાં આ એક વધારે ગણાશે પણ પત્રકાર ગૌરીલંકેશની શહાદત એળે નહીં જાય એવા ભીષ્મ પ્રતિજ્ઞાના અવાજ સાથે સૌ એક થઈ પ્રશાસન સામે અવાજ ઉઠાવે, ગુનેગારોને પકડવા માટે ખાસ કાયદાકીય જોગવાઈઓનો ઝડપી અને ત્વરીત ન્યાય મળે તેમજ પત્રકાર આલમના અંગત રક્ષણ માટે સરકાર અલગ કાયદાકીય વ્યવસ્થા ઉભી કરે તો જરૂર પત્રકાર મુકત અને નિર્ભયપણે સત્યને અવાજ આપી શકે. અંધકારને અને અંધાધુંધીને વાચા આપનાર પત્રકારોની કલમની કદર કરવામાં આવશે ત્યારે લોકશાહીનાં મુળ મજબુત બનશે અને સત્યને સત્ય સ્વરૂપે પ્રગટ થવાનો અવસર મળશે.

પત્રકારો પોતાના નીજી સ્વાર્થ કે લાલચને દેશહીત ખાતર અને લોકશાહીના હીત ખાતર લોકશાહીના સંવર્ધન અર્થે શબ્દોનો નાદ ગુંજતો કરશે ત્યારે આપણા દેશમાં શહાદતને વરેલા તમામ પત્રકારોના આત્મા સ્વર્ગમાંથી અવાજ કરતા આ ધરતી ઉપર કદાચ પાછા ફરે તો નવાઈ નહીં..

દેખ કબીરા..

**ડૉ. બી.પાટણવાડીયા (અમદાવાદ)**

# એનું નામ છે જીવન

**નટવર હેડાઉ**

વિક્રમની પસંદગી બી.એસ.એફ.માં સૈનિકના હોદા પર થતાં તે ઉત્સાહમાં આવી ગયો. તેના કુટુંબમાં કોઈ સૈનિક બન્યું ન હતું. કુટુંબ તો શું આખું ગામ આ વાતે ગૌરવ અનુભવતું હતું. વિક્રમ ગુજરાતના અંતરીયાળ વિસ્તારના બનાસકાંઠા જિલ્લાના એક પછાત એવા સુઈગામનો રહેવાસી હતો.

અહીં બધા ખેતી અને પશુપાલન પર નિર્ભર હતા. તેમની પાસે જમીનો તો ઘણી હતી પરંતુ સિંચાઈના અભાવગે ખેતી નબળી હતી. કેટલાક લોકો મોટા ખેડૂતોને ત્યાં ખેતમજુરી કરી પોતાનો જીવન નિર્વાહ જેમ તેમ ચલાવતા હતા. અમુક કુંભારોએ ઈંટના ભઠ્ઠા કર્યા હતા. આવા પછાત ગામડામાંથી વિક્રમને સૈનિકની નોકરી મળતાં ગામવાસીઓ રાજી થયા હતા. જ્યારે તે નોકરી પર જવા તૈયાર થયો ત્યારે સૌનું માથું ગર્વથી ઉંચુ થઈ ગયું. જ્યારે તે જવાનો હતો ત્યારે બધા ગામવાસીઓ ગામના ગોંદરા સુધી તેને વિદાય આપવા ગયા. અહીંથી તેને બસ પકડવાની હતી. તે પહેલી વાર ઘરથી આટલો દુર જઈ રહ્યો હતો. તેને આસામ જઈ હાજર થવાનું હતું. ત્યાં છ માસની તાલીમ બાદ તેને આસામના પાયદળમાં તૈનાત કરવામાં આવ્યો.

પોતાના ગામથી આસામ જતાં તેને ઘણો સમય લાગી ગયો હતો. બે ત્રણ વાર તો બસ અને ટ્રેન પણ બદલવી પડી હતી. ખેર ! જેમ તેમ કરી વિક્રમ આસામ પહોંચી ગયો ત્યાં પહોંચી તેણે ડયુટી જોઈન્ટ કરી પછી તેની ટ્રેનીંગ શરૂ થઈ. ટ્રેનીંગ ઘણી કાઠી હતી પણ તેનામાં દેશપ્રેમનો એવો પ્રબળ ઉત્સાહ હતો કે સખ્ત ટ્રેનીંગમાં પણ એ થાકયો નહીં. પણ સદા મુશ્કુરાતો રહ્યો. ટ્રેનીંગ પુરી થતાં તેને આસામ હાઈસ્કૂલના પાયદળમાં સામેલ કરી આસામની બોર્ડર પર મોકલવામાં આવ્યો. ડયુટફી બહુ સખ્ત હતી. અહીં તેને સમજાયું કે જો ટ્રેનીંગ આટલી સખત ન હોત તો અહીં સીમાડે પહેરા માટે ઘુમવું મુશ્કેલ હતું. ધીરે ધીરે વિક્રમ તેની સખ્ત ડયુટીથી ટેવાઈ ગયો. સાથી સૈનિકો સાથે તેને સારી મિત્રતા થઈ ગઈ, ડયુટી પુરી થયા બાદ સૌ સૈનિક મીત્રો એકબીજાનાં સુખદુ:ખની વાતો કરતા.વિક્રમને આસામ આવ્યે દોઢ વર્ષ થઈ ગયું હતું હવે તેને ઘરની યાદ આવવા લાગી હતી. તે મનમાં વિચાર કરતો કે કોણ જાણે બા બાપુને કેવું હશે ? બાને પગની બહુ તકલીફ રહેતી હતી અને બાપુ દશના દર્દી હતા. જરા વાતાવરણ બદલાતાં તેમને દમ ચડવા લાગતો અને પત્ની વીણાની યાદ આવતાં તે ભાવવિભોર થઈ ગયો. તે બિચારી આખા કુટુંબ અને બા બાપુની દેખરેખ રાખતી હશે. તેનો નાનકડો દિકરો કાનજી નેને તે છ મહીનાનો મુકીને આવ્યો હતો.તે હવે બે વરસનો થઈ ગયો હશે. હવે તે ચાલવા પણ લાગ્યો હશે. આ બધું વિચારતાં વિચારતાં કયારેય તેને ઉંઘ આવી ગઈ તેનું ભાન ન જ રહ્યું. એક અઠવાડીયા બાદ જયારે તે ઓફિસે આવેલો ત્યારે તેના અધિકારીએ તેને એક પત્ર આપ્યો. જેમાં તેને એક માસની રજા મળી ગઈ હતી. રજાની જાણ કરતોપત્ર લઈ વિક્રમ દોડતો પોતાના કેમ્પમાં પહોંચ્યો ત્યારે તેને આ રીતે ખુશ થયેલો જોઈ તેના સૈનિક મિત્રો હસી પડયા. વિક્રમ તેના સૈનિક મિત્રોને ભેટી પડતાં બોલ્યો.'હું તમારા માટે પણ ભગવાનને પ્રાર્થના કરીશ કે તમને પણ વહેલામાં વહેલી તકે રજા મળે. તમે પણ તમારા કુટુંબને મળી શકો. જ્યારે પાછો આવીશ ત્યારે કોણ જાણે આપણે મળીશું કે નહીં ? આગળ આપણને કયાં સીમાડે મોકલી દે તે નક્કી નહીં.. આટલું કહી તે જલદી જલદી સામાન પેક કરવા લાગ્યો.

વિક્રમ આખા રસ્તે પોતાના કુટુંબ અને ગામ બાબતે વિચારતો રહ્યો. છેવટે તેની મુસાફરી પુરી થઈ અને તે પોતાને ગામ સુઈગામ પહોંચી ગયો. તેને ગામમાં સૈનિકના લિબાસમાં જોઈ ગામના બાળકો અને મિત્રો મળવા દોડી આવ્યા. ગામના વૃદ્ધ વડીલોને તે મળ્યો અને ચરણસ્પર્શ કર્યા તો તેમણે ખુબ આશીર્વાદ આપ્યા. ગામલોકોનો પ્રેમ જોઈને વિક્રમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. બધા તેને ઘર સુધી મુકવા આવ્યાં ત્યારે તેનો બાળપણનો દોસ્ત અરજણ બોલી ઉઠયો, વિક્રમ બિચારો આટલા દિવસે ઘેર આવ્યો છે તાં તેને તેના કુટુંબને મળવા દો. લગભગ દોઢ વર્ષે ઘેર આવ્યો છે અને હાં વિક્રમ આજ સાંજે સાત વાગ્યે માતાજીના મંદિરના ઓટલે મળજે. અહીં આરતી પછી બધાં ભેગાં કરી તારી બી.એસ.એફ.ની નોકરી બાબતે વાતો સાંભળીશું.

# દેશપ્રેમ

વિક્રમ સૌની સામે હેતભરી નજરે જોતાં બોલ્યો, હાં... હા...આપણે સાંજે મળીએ મારે પણ ઘણી બધી વાતો કરવી છે..વિક્રમ દિવાળીના તહેવારમાં ઘેર આવતાં સૌના ચહેરા ખીલી ઉઠયા હતા. મુરઝાયેલ વીણાના ચહેરા પર રોનક આવી ગઈ હતી. કાનજી પણ ડગમગ ડગમગ ન્હાઈને તૈયાર થયો અને જમવા બેઠો ત્યારે ખુબ ખુશ થયો. આજ તેની પસંદગીની વાનગીઓ બની હતી. આસામની બી.એસ.એફ.ની કેન્ટીનનું ખાવાનું ખાતાં રોજ તે ઘરના ખાવાને યાદ કરતો.

સાંજ થતાં તેને અરજણ યાદ આવ્યો. વાયદા મુજબ તેને માતાજીના મંદિરના ઓટલે મળવાનું હતું. આજ ઘણા દિવસે તેને સારી ઉંઘ આવી હતી.તે બેઠો થયો ત્યાં વીણાએ તેના હાથમાં ચ્હાનો કપ પકડાવી દીધો. ચ્હા પીને વિક્રમ સાત વાગતાં તેના નિયત સ્થળે પહોંચી ગયો. ત્યાં ઓટલે તેના મિત્રો અને બીજા ઘણા લોકો બેસીને તેની રાહ જોઈ રહ્યા હતા. તેથી વિક્રમે બીજી કંઈ ભૂમિકા બાંધ્યા વિના સીધી જ બી.એસ.એફ.વિશે વાત શરૂ કરી.આસામના ગૌહાટીમાં બી.એસ.એફ.ની ઓફિસે પહોંચતાં મને કહેવામાં આવ્યું કે પહેલાં ટ્રેનીંગ થશે, તે પછી આસામના સીમાડે પાયદળમાં મોકલવામાં આવશે.મારી ટ્રેનીંગ ખુબ સખ્ત હતી જેમાં ઘણી વાર હું ગભરાઈ જતો અને ખુબ થાકી જતો પણ મેં હિંમત ન હારી. ટ્રેનીંગ પુરી થતાં મને આસામના પાયદળમાં સામેલ કરી ડયુટી પર મોકલવામાં આવ્યો. અમારી ડયુટી પણ બહુ સખ્ત હતી.અમારા પાયદળને આસામના સીમાડે ગાઢ જંગલોમાં જવું પડતું પહેરા માટે ભ્રમણનો મારગ અડાબીડ જંગલોમાંથી પસાર થતો હતો. ત્યાં રસ્તો નામનો બાકી ઉબડખાબડ કેડીઓ હતી. આસામની સરહદને અડીને ચીનની સરહદ હતી. તે તરફ તેમના સૈનિકો તૈનાત હતા. તે લોકો પણ ચોકી પહેરો કરતા હતા. ગાઢ જંગલોમાં જંગલી પ્રાણીઓનો ભય તો હતો પણ અમે સૈનિકો અમે ઝેરી મચ્છરોથી બહુ પરેશાન રહેતા. મચ્છરો બાબતે સ્થાનિક લોકોનું કહેવું એવું હતું કે, મચ્છરો કરડવાથી માણસનું મોત પણ થઈ શકે છે. અમે લોકો દુશ્મનોને તો પહોંચી વળીએ પણ આ ઝુંડના ઝુંડ સેંકડોની સંખ્યામાં મોટા મોટા મચ્છરોથી કેમ કરીને બચવું તે માટે અમે લોકોએ યુક્તિ કરેલી બાકી શરીર તો જાડા યુનિફોર્મ અને લોંગ બુટથી ઢંકાયેલ રહેલું પણ ચહેરો ખુલ્લો રહે તેને અમે પારદર્શક પ્લાસ્ટીકથી ઢાંકી રાખતા. અમે પ્લાસ્ટીકની થેલી પહેરીને જ ડયુટી કરતા.

બોલતાં બોલતાં વિક્રમ અટકયો અને થોડું પાણી પી પાછો બોલવા લાગ્યો. આ રીતે મચ્છરથી અમે અમારો બચાવ કરતા. મચ્છરોને કારણે અમે પ્લાસ્ટીક પહેરતા જેથી અમને તાજી હવા ન મળતાં મુંઝારો થતો. થોડીવાર શ્વાસ લેવા મોં ખોલ્યું તો સેંકડોની સંખ્યામાં મચ્છરો હુમલો કરી દેતા અમારા ઓફિસરો પણ જીપમાં ફેરવ્યું કરતા. ગાઢ જંગલોમાં રસ્તો હોય નહીં તેથી ઉબડ ખાબડ રસ્તે જીપ ઘણી વાર પલ્ટી ખાતાં ખાતાં રહી જતી.

આસામની સરહદ સાથે ચીનની સરહદ લાગે છે ત્યાંના સૈનિકો પણ જરાક અવાજ થતાં ગોળી ચલાવી દે છે. આ સરહદ પર કાયમ આતંકવાદી હુમલાની આશંકા રહે છે. અમારા ઘણા સાથી સૈનિકો અહીં સીમાડે ગોળી વાગતાં શહીદ થયા છે.. આટલું બોલીને વિક્રમ ચુપ થઈ ગયો.. પછી હસીને બોલ્યો.

'આપણા દેશના રક્ષણ માટે આ મુશ્કેલી તો અમને કંઈ નથી લાગતી અને સરહદ પર મંડયા રહીએ છીએ.

પછી વિક્રમે અરજણના વાંસામાં ધબ્બો મારતાં કહ્યું, બસ ભાઈ આજે આટલું જ.. બીજી વાતો ફરી કયારેક કરીશું.. કહી તેણે ફૌજી અંદાજમાં સૌને સલામ કરી અને હસીને પોતાના ઘર તરફ ચાલતો થયો.**નટવર હેડાઉ**

# કેવા ગ્રહો આયુષ્યવાન અને સુખી બનાવે ?




જન્મનાર દેક જીવ લાંબુ જીવન જીવવાનું અને સુખી રહેવાનું ચાહના રાખતો હોય છે. પછી તે જીવ ગમે તે પ્રકારનો હોય જળનો હોય, ભુતળનો હોય કે ખેચર હોય પેટે ચાલનાર હોય, પગે ચાલનાર હોય કે પછી ઉડનાર પંખી જ હોય પણ દરેક જીવ જીવવાનું અને સુખી રહેવાનું પસંદ કરે છે. તેમાં પણ માનવ તો હંમેશા આયુષ્યવાન અને સુખી જીવન જીવવાનું જ પસંદ કરતો હોય છે. તો કેવા ગ્રહો આયુષ્યવા અને સુખી બને છે ?જે જાતકની જન્મકુંડળીમાં ત્રણ સ્થાનોમાં બે બે ગ્રહો રહ્યા હોય અને ત્રણ સ્થાનોમાં એક એક ગ્રહ રહ્યો હોય તો તે વ્યકિત આયુષ્યવાન અને સુખી બને છે.

નોંધ : જયોતીષ એ એક માર્ગદર્શન છે જીવન સાચવવુ એ આપના હાથની વાત છે. ગમે તેવા શુભ યોગો હોય પણ વ્યકિતનું આચરણ રહેણીકરણી સારી ન હોય તો તેમાં યોગો પણ કહી કરી શકતા નથી તેનું કારણ જન્મકુંડળીમાં બીજા નબળા યોગો પણ થતા હોય છે તેનું પ્રભુત્વ વધારે હોય છે. તેનું નિવારણ કરવુ જોઈએ.

દ્રષ્ટાંતકુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં ગુરૂ રાહુ અને કેતુ એક એક ગ્રહ ત્રણ સ્થાનોમાં છે. જ્યારે સુર્ય, બુધ, શની, શુક્ર, મંગળ અને ચંદ્ર બે બે ગુણો ત્રણ સ્થાનમાં છે. આમ આ યોગમાં જન્મનાર વ્યકિતની આયુષ્ય લાંબી હોય છે અને તે સુખી જીવન જીવતો હોય છે.

**જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# સરકાર માળખાગત સુવિધાઓ બાબતે વિચારે ? સ્માર્ટ સીટી બનાવવી જરૂરી નથી

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

સરકાર દ્વારા ઘડવામાં આવતી યોજનાઓ તેની મુદત અનુસાર પૂર્ણ થતી નથી. દેશમાં નવા માર્ગો બનાવવામાં ઘડવામાં આવેલ નીતી સફળ નીવડી શકી નથી ત્યારે સરકારે દેશમાં ૧૦૦ જેટલા શહેરોના નામ નક્કી કરવામાં આવ્યાછે. બાકીના શહેરોના નામો ટુંક સમયમાં જાહેર કરવામાં આવનાર છે. સરકારનું માનવું છે કે જો આ યોજના ખરેખર અમલી બનશે તો લોકોના જીવન નિર્વાહમાં મોટા પાયે ફેરફારો થશે તે વાત ચોક્કસ છે તો પછી અંતરીયાળ વિસ્તારના ગામડાઓનું શું ?

વર્તમાન સમયમાં આજે દેશમાં એટલા બધા બિસ્માર ગામડાઓ છે જયાં વિકાસ થયો નથી. ગામડાઓના માર્ગો, ત્યાંની આરોગ્ય સેવા, પીવાના પાણીની સમસ્યા, ગામડાઓમાં અપુરતા ઓરડાઓ, શિક્ષકોના સ્ટાફની ઘટ આ બધી બાબતો વિચારીને યોગ્ય કરવામાં આવે તો ગામડાઓ સ્માર્ટ બની શકે જે વિકાસશીલ દેશો છે ત્યાં અગાઉથી જ ભારે મહેનત કરવામાં આવી છે અને ત્યાં વિકાસ થઈ શકયો છે પરંતુ ભારતના ગામડાઓની પ્રજાના પ્રશ્નોને સમયાંતરે ઉકેલ આવતો નથી. ભારતના શહેરોને સ્માર્ટસીટીમાં ઢાળવા તે લોઢાના ચણા ચાવવા બરાબર કહી શકાય.

જે યોજનાઓમાં પ્રત્યેક નાગરિકોનું હીત સચવાયેલું હોય તેવી યોજનાઓ પાછળ ખર્ચ કરવામાં આવે તો તે ગમે ત્યારે ઉગી નીકળે પરંતુ જ્યાં પ્રશ્નોનું ઠેકાણું નથી ત્યાં સ્માર્ટ સીટી બનાવવાની વાતો હાસ્યાસ્પદ જણાય છે. સરકાર સમક્ષ આજે ઘણા બધા પ્રશ્નો પડકારજનક છે તેનો ઉકેલ કેમ લવાતો નહીં હોય ?

દેશમાં કેટલાક મહાનગરોનું વાસ્તવિક ચિત્ર જોવા જઈએ તો સુરક્ષાની દ્રષ્ટીએ વિશ્વના ૫૦ શહેરોમાં દિલ્હી ૪૨ અને મુંબઈની ૪૪ મો નંબર આવે છે. એક સર્વે પ્રમાણે મુંબઈ કરતાં દિલ્હીની વસતી વધારે છે જેમાં દિલ્હી ૨.૫ કરોડ, **અનુસંધાન પાના નં.૬ ઉપર**

**ગામડાઓ, આરોગ્ય, શિક્ષણ અને ઉબડખાબડ માર્ગોના વિકાસ તરફ સરકારે જાગૃત થવું જોઈએ**

# પતંગ અને વિજ્ઞાનની મિત્રતા

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

મનોરંજનની સાથે વૈજ્ઞાનિકોને મદદ કરતા પતંગો નીલ ગગનમાં ઉડતા રંગબેરંગી પતંગો માત્ર કાગળનો ચોરસ ટુકડો નથી.પતંગબાજીનું નામ છે એક દીવાના પણું, એક ઝનુનનું. આજ કારણે આજના કોમ્પ્યુટર્સ યુગમાં સદીઓ જૂની પતંગની લોકપ્રિયતા આજે જોવા મળે છે. પરંતુ પતંગો આપણું મનોરંજન અને શોખ તો પૂરા કરે છે તે ઉપરાંત વૈજ્ઞાનિકોની મદદમાં પણ તે પૂરો સહયોગ આપે છે. ઉંચા આકાશમાં હવાઓના રહસ્યને જાણવાને માટે પતંગ દ્વારા જાસૂસી કરવામાં આવે છે. અંતરિક્ષમાં ફરતુ સ્પેશ શટલને પતંગ દ્વારા મદદ પહોંચાડવામાં આવે છે. વૈજ્ઞાનિકો કહે છે કે પતંગ ની મદદથી હવામાંથી ઉર્જા ખેંચી શકાય છે.

આશરે હજારો વરસ પહેલાંની આ વત છે. અવધના નવાબના શાહજાદેની નજરમાં એક અજીબ પ્રકારની ખરાબી આવી ગઈ. એની નજર એક સ્થળે રોકાતી જ નહોતી. તમામ પ્રકારના ઉપચારો-દવા-દારૂ અને ટોટકે નુસ્ખા પણ અજમાવ્યા, પરંતુ કોઈ જ ફરક ના પડ્યો. અંતે દેશ-વિદેશના જાણીતા હકીમ લુકમાનને બોલવવામાં આવ્યા. હકીમે શાહજાદાને દરરોજ પતંગ ઉડાડવાની સલાહ આપી. ઉડતી પતંગ પર લગાતાર નજર રાખવાને કારણે એની આંખોમાં ચમત્કારિક પરિવર્તન આવ્યું. એની આંખો સાજી થઈ ગઈ. આજે પણ અનેક ચિકિત્સકો માને છે કે પતંગ ઉડાડવાથી આંખોના પ્રત્યેક અંગ ને કસરત મળે છે, જેનાથી શરીર સ્ફૂર્તિલું બને છે.

વૈજ્ઞાનિક પ્રયોગો અને ઉપયોગોમાં પતંગના ઉપયોગની શરૂઆત સન ૧૭૫૩ માં માનવામાં આવે છે. આ વરસે ૧૨ મી એપ્રિલના રોજ પ્રસિદ્ધ અમેરિકી વૈજ્ઞાનિક બેન્જામીન ફ્રેંકલીને તોફાની વરસાદમાં પતંગ ઉડાવીને આસમાની વીજળીના તમામ રહસ્યોને ઉજાગર કરી દીધા હતા. એમણે પ્રયોગની સાથે પતંગ જોડે એક લોખંડનો હલ્કો સળીયો બાંધી દીધો. પતંગને રેશમી દોરા વડે ઉડાડવામાં આવેલો. જેની નીચે ચાવીનો ગુચ્છો બાંધેલો હતો. જ્યારે પતંગ વાદળની નજીક પહોંચ્યો ત્યારે એમા રહેલ વીજળી સળીયો અને રેશમની દોરીમાંથી પસાર થઈને ચાવીના ગુચ્છા સુધી પહોંચી ગઈ. ગુચ્છામાં વીજળી માપવાવળું 'લીડર જપ' જોડાયેલ હતું. આ પ્રયોગથી મળેલ પરિણામોના આધાર પર જ ફ્રૈંકલિને ઉંચી **અનુસંધાન પાના નં.૬ ઉપર**

### મોદી સરકારનું...

પાના નં.૧ ચાલુ

થયા બાદ સૌથી વધુ અસર આ ઉદ્યોગોને જ પહોંચી હતી. રોજગાર સર્જનના આ ક્ષેત્રના યોગદાનને કોઇપણ રીતે નજરઅંદાજ કરી શકાય નહી. આ સિવાય રોડ-રસ્તા સહિતના બુનિયાદી માળખાના ક્ષેત્ર પર પણ બજેટમાં ખાસ ધ્યાન અપાય તેવી શકયતા છે. આ તમામ મુદ્દાઓ વચ્ચે મધ્યમવર્ગની પરિભાષા સાથે જોડાયેલો એક સામાન્ય નાગરિક પણ નાણાંમંત્રીની નજરે હશે. સામાન્ય રીતે બજેટની જોગવાઇઓમાં સીધા અને આડકતરા વેરાઓની વાતનો ઉલ્લેખ હોય છે પરંતુ જીએસટીના કારણથી એ પહેલી વખત હશે કે, જયારે કેન્દ્રીય નાણામંત્રી પાસે આડકતરા વેરા મુદ્દે બહું કંઇ કહેવા જેવુ નહી હોય. આ વખતે લોકોને આશા છે કે, કરમાં છૂટની સીમાના દાયરો વધારી ખર્ચ કરવા યોગ્ય આવક વધારી શકાય એવી સંભાવના છે. વાસ્તવમાં ૨૦૧૭ના બજેટમાં રાજકોષીય નુકસાનના જીડીપીના ૩.૨ ટકાના સ્તર પર રાખવાના લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ નવેમ્બરમાં જ રાજ-કોષીય નુકસાન ૨૦૧૭-૧૮ના વર્ષ માટે નિર્ધારિત લક્ષ્યાંક ૫.૫ લાખ કરોડના ૧૧૨ ટકા થઇ ગયું. તો બજેટમાં સરકાર માટે કેટલાક પડકારો પણ છે, જેમાં સ્વાસ્થ્ય, શિક્ષા, આવાસ જેવી મૂળભૂત સુવિધાઓની સાથે સાથે રાજ-કોષીય અનુશાસનને જાળવવાનું સૌથી કપરૂ બની રહેશે.

### પ્રજાસત્તાક..

પાના નં.૧ ચાલુ

હતી. ભારતીય સૈનાએ પોતાની તાકાતનો પરિચય આપ્યો હતો. રંગબેરંગી ઝાકી અને બાળકોના રંગારંગ કાર્યક્રમોએ તમામનું ધ્યાન ખેંચ્યું હતું. રાજપથની બંને બાજુ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દેશના અન્ય ભાગોમાં પણ પરંપરાગત રીતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વખતે જુદી જુદી ઝાં-કીઓમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મહત્વકાંક્ષી યોજનાઓને રજૂ કરવામાં આવી હતી. આ વખતે મહિલા સશક્તિકરણના ભાગરૂપે મહિલાઓએ પણ પરેડમાં ભાગ લીધો હતો. ત્રણ સેનામાં મહિલા ટુકડીમાં પરેડમાં નજરે પડી હતી. રાજપથથી ઐતિહાસિક લાલ કિલ્લા સુધી શુક્રવારે પરંપરાગતરીતે પ્રજાસત્તાકની પરેડ દરમિયાન જુદા જુદા રાજ્યોની ઝાંખીઓ પણ રજૂ કરવામાં આવી હતી જેમાં સાંસ્કૃતિકના દર્શન થયા હતા. ગુજરાતની ઝાંકી પણ રજૂ કરવામાં આવી હતી. જેમાં રાષ્ટ્રપિતાની પ્રતિકૃતિ પણ નજરે પડી હતી. દુનિયામાં સૌથી વધારે સાંસ્કૃતિક વિવિધતા ધરાવતા ભારતની સાંસ્કૃતિક, કલા, સંગીત અને તહેવારની ઝલક નજરે પડી હતી. વિજયચોકથી ઐતિહાસિક લાલકિલ્લા સુધી બંને બાજુએ મોટી સંખ્યામાં લોકો ઉત્સાહિત દેખાતા હતા. પરંપરાગત રીતે ભારતની એકતા અને સંસ્કૃતિ રજૂ કરવામાં આવી હતી. સૈનાએ શાનદાર પરેડ યોજી હતી. જુદી જુદી જાતિના લોકો આમા ઉમટી પડ્યા હતા. પરેડના આઠ કિલોમીટર સુધીના રસ્તામાં બાળકો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકોના ચહેરા ઉપર ચમક અને ઉત્સાહ દેખાઈ રહ્યો હતો. ભવ્ય રાષ્ટ્રપતિ ભવનની નજીકથી પરેડનું નેતૃત્વ કરનાર સૈનાની પ્રથમ ટુકડીની ઝલક મળતા વિજયચોકથી રાજપથ સુધી એક નવો ઉત્સાહ જોવા મળ્યો હતો. પરંપરાગત મુજબ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યા બાદ પરેડની વિધિવત શરૂઆત થઈ હતી. રાષ્ટ્રપતિએ પરેડની સલામી લીધી હતી. ઈન્ડિયા ગેટ ઉપર અમર જવાન જ્યોતિ ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પુષ્પાંજલિ અર્પણ કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. શાનદાર પરેડમાં અર્ધલશ્કરીદળોની માર્ચ કરનાર ટુકડીમાં સરહદ સુરક્ષાદળ, આસામ રાઈફલ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ, ભારત તિબેટ સરહદી પોલીસ, કેન્દ્રીય ઓદ્યોગિક સુરક્ષાદળ, શસ્ત્ર સરહદ દળ, રેલવે સુરક્ષાદળ, દિલ્હી પોલીસના જવાનો સામેલ કરાયા હતા. પ્રજાસત્તાક દિવસની ઉજવણી વેળા આયોજિત કાર્યક્રમમાં મોદ ઉપરાંત તેમના કેબિનેટના પ્રધાનો ઉપસ્થિત રહ્યા છે. જેમાં રવિશંકર પ્રસાદ, સ્મૃતિ ઈરાની, પ્રકાશ જાવડેકરનો પણ સમાવેશ થાય છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ અને ભાજપના વરિષ્ઠ નેતા અડવાણી હાજર રહ્યા હતા.

આ વખતે રાજપથ પર આવકવેરાની ઝાંકી પણ રજૂ કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છ ધન અભિયાનને પ્રોત્સાહન આપવાની અપીલ કરવામાં આવી હતી. નિર્ભય મિસાઈલે તમામનુ ધ્યાન દોર્યુ હતુ. પૂર્વ સૈનિકોની ઝાંકી પણ જોવા મળી હતી.

### અંબાજી નજીક..

પાના નં.૧ ચાલુ

એમ.એન. કોલેજ, મધુબેન સંજયભાઇ પટેલ,રહે., સુરત વાળા હોવાનું જાણવા મળેલ છે. આ બન્નેની ઓળખ આધારકાર્ડ થી પ્રાપ્ત થઇ શકી છે. અકસ્માત દરમીયાન લેપટોપ મોબાઇલ અને ૨૦૦૦૦ ની રોકડ રકમ તથા તેમનું બેગ ૧૦૮ નાં પાઇલોટ સંજયભાઇ તથા ગીતાબહેને તેમનાં વારસદારો ને સુપરત કરેલ છે.

### થરાદ ખાતે ..

પાના નં.૧ ચાલુ

જેવા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા. તો બનાસકાંઠા પોલીસના અશ્વોએ રજુ કરેલા હેરતભર્યા કરતબોથી માહોલ તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠ્યો હતો. ત્યારબાદ સરકારની વિવિધ કચેરીઓ દ્વારા ટેબ્લો પ્રદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જિલ્લાકક્ષાના કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ કૃતીઓ તથા કેટલાક ટેબ્લોને દાતાઓ દ્વારા રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ પ્રસંગે લાયન્સ ક્લબ ઓફ થરાદ સીટી દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું .જેમા દાતાઓએ રક્તદાન કર્યું હતું. ત્યારબાદ શાળા-પરિસરમાં મંત્રી દિલીપ ઠાકોર ઉપરાંત જિલ્લા કલેકટર દિલીપ રાણા બનાસકાંઠા જિલ્લા પોલીસવડા નિરજ બડગુજર સહિત અધિકારીઓ-પદાધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં દિયોદરના પૂર્વ ધારાસભ્ય કેશાજી ચૌહાણ થરાદના ડીડી રાજપુત, આંબાજી સોલંકી, માવજીભાઈ પટેલ, બાબરાભાઈ ચૌધરી, વાવ રાણા ગજેન્દ્રસિંહ સહિત મોટી સંખ્યામાં જિલ્લાના અધિકારીઓ તથા પદાધિકારીઓ અને શાળાના બાળકો તથા પ્રજા ઘણી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.થરાદના પત્રકાર દેવરામભાઈ આસલ દ્વારા પાલિકાના તરવૈયા સુલતાનમીરનું રોકડ આપી સન્માનિત કરાયું હતું.

### બનાસકાંઠા જિલ્લાના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

આગામી સમયમાં બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે મતભેદો ભૂલી પાર્ટીને જીતાડવા અત્યારથી જ કામે લાગી જઇએ. મંત્રીના પ્રવાસ કાર્યક્રમ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઇ દવે, જિલ્લા ભાજપા મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા અને ઉમેદદાન ગઢવી, જિલ્લા ભાજપા અનુસૂચિત જાતિના પ્રમુખ ભરતભાઇ પરમાર, થરા માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઇ પટેલ, પૂર્વ ધારસભ્ય માનસિંહજી વાઘેલા, અગ્રણીઓ સર્વશ્રી રાજુભાઇ ડાભી, વિજયભાઇ ચક્રવર્તી, બાબરાભાઇ ચૌધરી, હરગોવનભાઇ શિરવાડીયા, શાંતુભા વાઘેલા, અશ્વિનભાઇ સક્સેના, ડાહ્યાભાઇ પીલીયાતર, ટી.પી.રાજપુત, એન.ટી.રાઠોડ સહિત ભાજપના કાર્યકર્તાઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યાશમાં લોકો ઉપસ્થિઈત રહ્યા હતા.

### વડગામમાં તાલુકા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સહિત તમામ વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, શિક્ષકો, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. મામલતદાર આર.એમ. ચાવડાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું, શહીદ સ્મારક ઉપર પુષ્પાંજલિ કરી, વૃક્ષારોપણ કર્યા બાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. તથા શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ વિદ્યાર્થી વગેરેને શિલ્ડ-પ્રમાણપત્ર અર્પણ કરાયા હતા અને સરસ્વતી કન્યા વિદ્યાલય, વિ.જે.પટેલ હાઈસ્કુલ, ગેલેક્ષી સ્કુલ, પ્રા.શાળા, વગેરેના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. ધ્વજવંદન કાર્યક્રમનું સફળ સંચાલન આચાર્ય રઘુભાઈ જેગોડાએ કર્યું હતું. તથા શિક્ષ-કોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### જી.ડી.મોદી વિદ્યા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને બહેનોને ચેક સ્વરૂપે રોકડ પુરસ્કાર, ટ્રોફી અને સર્ટીફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ મેરેથોન અંગે મંડળના પ્રમુખ શિરીષકુમાર મોદીએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને નગરજનોની સુરક્ષા એ મારી માટે ખુબ જ મહત્વનું છે. જેથી દ્વિચક્રી વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું અને ફોર વ્હિલર માટે સીટબેલ્ટ બાંધવો જોઈએ. આ પ્રસંગે મંડળના પ્રમુખ શિરીષકુમાર મોદી, હેમ.ઉ.ગુજ. યુનિવર્સિટીના ઈ.સી.મેમ્બર ડૉ.હિતેષભાઈ ચૌધરી, પાલનપુરના જાણીતા તબીબી ડૉ.અશ્વિન ગામી, સદભાવના ગ્રુપના ચેરમેન હરેશભાઈ ચૌધરીએ રોડ સેફ્ટી અંગે દોડવીરોને સંકલ્પ લેવડાવ્યા હતા અને જુદી જુદી કેટેગરીના દોડવીરોને લીલીઝંડી આપી. આ મેરેથોન રેસનો પ્રારંભ કરાવ્યો હતો. આ મેરેથોનનું આયોજન કેમ્પસની બી.સી.એ. કોલેજના પ્રિ.નમ્રતા ગુપ્તા અને બી.બી.એ. કોલેજના પ્રિ. બ્રિ-જેશભાઈ જોષીએ આયોજન કર્યુ હતું. તેમજ પ્રિન્સીપાલ ડૉ.રમેશભાઈ પટેલ, પ્રિ.રવિદાન કરનાની, ડૉ.એસ.જી. ચૌહાણ તેમજ કેમ્પસની વિવિધ કોલેજોના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

આ પ્રસંગે બી.કે.ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળના મંત્રી સુનીલભાઈ શાહ, રાજેશ વકીલ, આસી.નિયામક અપૂર્વભાઈ મહેતા, કારોબારી મેમ્બર્સ અને નગરજનો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી દોડવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

### બનાસકાંઠા પ્રભારીમંત્રી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

સમાજ કલ્યાણ અધિકાર. લીમ્બાચીયા, તા.ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, ભરતભાઈ પરમાર (અનુ.જાતી મોરચા પ્રમુખ) વિજયભાઈ ચક્રવર્તી દિનેશભાઈદવે જિલ્લા પંચાયત પ્રમુખ, હરગોવનભાઈ શીરવાડીયા, શાન્તુભા ડાભી, મહામંત્રી કિશોર પ્રજાપતિ, ઈસુભા વાઘેલા, સેવંતીભાઈ થરા શહેર પ્રમુખ તેજાજી ઠાકોર, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ઈશ્વરભાઈ પટેલ, ગીરીશભાઈ પટેલ પ્રવિણભાઈ પરમાર, હેમાભાઈ વાઘેલા, કરશનભાઈ પરમાર, બાવાભાઈ પરમાર શક્તિપીઠ રમેશભાઈ જોષી, કરશનભાઈ જોષી, સુરેશસિંહ વાઘેલા, વેલસિંહ પરમાર, શંકરભાઈ પટેલ, રત્નાભાઈ પરમાર, શાન્તુભા ડાભી, રમેશભાઈ વાઘેલા, ફકુભાઈ સાંચોરા, બાબુભાઈ દેસાઈ, બાબુભાઈ પટેલ, કપુરસિંહ પરમાર, કરણસિંહ વાઘેલા હંસપૂરી ગૌસ્વામી, પુનુભા ડાભી, અણદુભા ડાભી રમેશભાઈ દવે, ભરતસિંહ વાઘેલા (આઈ.ટી.એમ.) બાવાભાઈ પરમાર, જીવણભાઈ પરમાર, મધાભાઈ પરમાર, તાલુકા પંચાયત ઈન્ચાર્જ ટી.ડી.ઓ. અમીતભાઈ ત્રિવેદી સહિત બહોળી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### બનાસ ડેરીની...

પાના નં.૮ ચાલુ

શંકરભાઈ ચૌધરીએ જણાવ્યુંહતું કે રાષ્ટ પર્વના દિવસે બીજા લોકો માટે જીવવાની પ્રેરણા મળતી હોય છે અને દરેક નાગરિકના હદયમાં દેશ ભક્તિની ભાવના હોવી જોઈએ. રાષ્ટ્ર પર્વના દિવસે જે લોકો બીજા માટે જીવ્યા છે તેને યાદ કરવાનો અવસર સાંપડે છે. ભારત દેશે અનેક ચડતી પડતી દેખી છે, અનેક પડકારો ઝીલ્યા છે છતાં પણ આ રાષ્ટ્ર અડીખમ છે તેનું કારણ દેશવાસીમાં સદાય ધબકતી દેશ ભક્તિ છે.

તેઓ વધુમાં જણાવ્યું હતું કે સમયની સાથે દેશ ભક્તિના માપદંડ બદલતા રહ્યા છે, જયારે દેશમાં આઝાદીની ચળવળ ચાલતી હતી ત્યારે વીર સાવરકરને કાળા પાણીની સજા થઇ હતી, દેશવાસીઓએ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરીને વિદેશી કપડાઓની હોળી કરી હતી, સુભાષચંદ્ર બોઝે આઝાદ હિન્દ ફોઝની રચના કરી હતી, મહાત્મા ગાંધીએ અહિસંક ચળવળ ચલાવી હતી અને આમ નામી - અનામી લોકોએ દેશની આઝાદી માટે બલિદાન આપ્યા હતા .દેશ આઝાદ થયા બાદ પણ સપનાઓ સાકાર કરવા માટે ખૂબ ભારે મહેનત કરવી પડી છે. દેશમાં કોઈ શોષિત ન રહે, કોઈ ગરીબ ન રહે, કોઈ પીડિત ન રહે તે માટે જન ક્લ્યાકારી કામો કરીને અનેક રીતે વિકાસની દિશામાં આગળ વધી શક્યા છીએ. જયારે વર્ષ ૧૯૬૨માં ચીન સામે, ૧૯૬૫, ૧૯૭૧-૭૨માં પાકિસ્તાન સાથે યુદ્ધ થયું ત્યારે દેશના લાકોએ સૈનિકો સાથે ઉભા રહીને દેશ ભક્તિનું કામ કર્યુ હતું એટલે દેશ ભક્તિનું કામ અલગ અલગ રીતે પણ કરી શકાય છે. કાયદાનું પાલન, પરિવાર માટેનું કામ, સંસ્થા માટેનું કામ , સામાજિક નિયમનું અમલીકરણ, ખેડૂતો સારું ઉત્પાદન કરે, વિદ્યાર્થી ભણી ગણીને તેજસ્વી બને, વૈજ્ઞાનિકો સારું સંશોધન કરે આમ દરેક નાગરિક નિષ્ઠા પૂર્વક પોતાનું કર્તવ્ય બજાવે તે પણ દેશ ભક્તિનું કામ છે.

વધુમાં તેઓએ ઉમેર્યું હતું કે બનાસ ડેરી દ્વારા મધ પ્રોજેક્ટમાં સારી એવી સફળતા મેળવી છે. જયારે બાદરપુરા ખાતે આવેલ બનાસ ઓઈલ મિલ કાર્યરત કરવામાં આવેલ છે જેથી ખાદ્ય તેલો ઉત્પાદન ખૂબ ઝડપથી કરી શકીશું .બટાટા માંથી વેલ્યુ એડીશન બનાવીને માર્કેટમાં મૂકવામાં આવી રહી છે તે પણ એક મોટી સિદ્ધિ છે તેમાંથી ૨૦ જેટલી જુદી જુદી વેરાયટી બનાવવામાં આવશે.

ચેરમેનશ્રી બનાસ ડેરીના આદ્યસ્થાપક ગલબાકાકાને યાદ કરતાં કહ્યું હતું કે બનાસકાંઠા જિલ્લામાં મેડિકલ કોલેજની શરૂઆત કરવામાં આવી તે ગલબાકાકાને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી ગણાશે.

આ પ્રસંગે બનાસ ડેરીના વાઈસ ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, બનાસ બેંકના ચેરમેનશ્રી એમ.એલ ચૌધરી, વાઈસ ચેરમેનશ્રી જીગરભાઈ દેસાઈ, બનાસ ડેરી નિયામક મંડળના સભ્યોશ્રી દિનેશભાઈ ભટોળ, શ્રી ફલજીભાઈ ભટોળ, શ્રી ભાવાભાઈ રબારી, શ્રી પી જે ચૌધરી, બનાસ બેંકના ડિરેક્ટરશ્રી જસુભાઈ ચૌધરી, કેશરભાઈ વાયડા, શ્રી લાલજીભાઈ પટેલ, સામાજિક અગ્રણી અને માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન શ્રી પચાણભાઈ પટેલ, શ્રી શામળભાઈ પટેલ, શ્રી મોતીભાઈ જુઆ, શ્રી દિનેશભાઈ ગુડોલ, શ્રી શામજીભાઈ ચૌધરી, શ્રી રામસિંહ બારડ, શ્રી માલજી કોદરવી , સહીત બનાસ ડેરીના મેનેજીંગ ડિરેક્ટર બીપીનભાઈ પટેલ અને ડેરીના અધિકારીઓ અને સ્ટાફ મિત્રોએ ઉપસ્થિત રહી ૬૯મા પ્રજાસત્તાક દિનની શુભકામઓની આપેલ કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ચેરમેનશ્રીએ સ્વર્ગસ્થ ગલબાકાકાની પ્રતિમાને માલ્યાર્પણ કર્યા હતા.

### જીલ્લા કલેક્ટરે...

પાના નં.૮ ચાલુ

નં.જી.જે.૨૧ ટી ૬૨૯૯,જયારે કનુભાઈ ફતેસિંહ વાઘેલા (રહે. ખારીયા, તા.કાંકરેજ) કપચી ભરેલ ડમ્પર નં.જી.જે.૦૮ વાય ૯૪૧૨,લગધીરભાઈ અવસાભાઈ રાવળ કપચી ભરેલ ડમ્પર જી.જે.૦૮ વાય ૯૬૫૩ તેમજ બિન પરવાનગી વગર લાકડા ભરેલ સ્વરાજ ટ્રેક્ટર નં.જી.જે.૨ એલ.૬૭૬૧ને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી છે.

### થેરવાડા નજીક...

પાના નં.૮ ચાલુ

ખસેડાઈ. તેનું પી.એમ કરવામાં આવ્યું હતું. નુકસાન વેઠવાનો વારો આવી રહ્યો છે.બનાસકાંઠા ના સિપુ જળાશય માંથી નીકળતી કેનાલ માં આજે થેરવાડા ગામ પાસે ગાબડું પડ્યું હતું અને જેના કારણે ખેડૂત ના રાયડા નો પાક પાણીથી ભરાઈ જવા પામ્યું હતું.જેના કારણે ખેડૂત ને નુકસાન થવા પામ્યું હતું તો ક્યાંક નહેર રીપર ના અભાવે ખેડૂત ના ખેતરો સુધી પાણી પહોંચ્યું નથી જેથી ખેડૂત ને વાવેતર થઈ શક્યું નથી. નહેર તૂટવા ના કારણે ક્યાંક ખેડૂત નો ઉભો પાક બગડી રહ્યો છે તો ક્યાંક નહેર ના સમારકામ ના અભાવે ખેડૂતો ની જમીન બંજર પડી છે. આમ નહેર ના અધિકારી ઓ ના વાંકે આજે ખેડૂત પરેશાની ભોગવી રહ્યું છે.

### દાંતીવાડા તાલુકાના...

પાના નં.૮ ચાલુ

મૃતક વિધાર્થીનીના પિતા મફાભાઈ રત્નાભાઈ પી લાસ રહે સાતસન વાળાએ પાંથાવાડા પોલીસને ફરિયાદ કરતા પાંથાવાડા પોલીસે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## લીલાધરમાં ધ્વજવંદન યોજાયું

તાલુકા પ્રતિનિધિ દીઓદર

તા.૨૬/૧/૨૦૧૮ના રોજ લીલાધર પ્રા.શળામાં ૬૯મા પ્રજાસ્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં ધ્વજ વંદન સૌથી વધુ ભણેલ ગામની દિકરી ચૌધરી અણસીબેન પીરાભાઈના હસ્તે કરવામાં આવેલ તેમજ તેનું સ્નમાન પણ કરવામાં આવેલ. શાળાના આચાર્યશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત કરેલ. ત્યારબાદ શાળાનાં બાળકો દ્વારા તૈયાર કરવામાં આવેલ. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા. શાળાને વર્ષ દરમ્યાન વિવિધ દાન ભેટ આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે શાળા પરિવાર, એસ.એમ. સી.ના સભ્યો તથા ગ્રામજનો બહોળી સંખ્યામાં હાજર રહેલ.

### દ્રષ્ટીકોણ..

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

મુંબઈની ૨.૧ કરોડ છે જ્યારે ટોકીયોની વસતી ૩.૮ કરોડ છે તેમ છતાં આ શહેરમાંથી સુરક્ષિત શહેર ગણાય છે. ભારતમાં જ્યાં સુધી પાયાની સુવિભાઓ તરફ ધ્યાન આપવામાં નહીં આવે ત્યાં સુધી એક પણ સીટીમાં સુધારો થઈ શકે તેમ નથી. જે પછાત વિસ્તારો છે ત્યાં વિકાસને લગતી યોજનાઓ ઝડપી હાથ ધરવી જોઈએ આ બાબતે સરકાર અને રાજય સરકારોએ વિચારવું જોઈએ.

કોઈપણ દેશ માટે સ્વાસ્થ્ય સેવાઓ એ પાયાની જરૂરીયાત છે. સ્વચ્છ હવા અને પીવાના પાણીના મામલે આપણા દેશના મહાનગરોની પરીસ્થિતિ ઠીક નથી તે વાત ચોક્કસ છે. આજે ડીજીટલ ઈન્ડીયાનો પ્રવાહ શરૂ થઈ રહ્યો છે પરંતુ ડીજીટલ સુરક્ષાની દ્રષ્ટીએ વિશ્વના શહેરોની સરખામણીએ દેશમાં મહાનગરોની પરીસ્થિતિ સારી નથી. અન્ય પરિબળોની તુલનાએ મુંબઈ અને દિલ્હીની પરિસ્થિતિ ભલે હાલમાં સારી જણાતી હોય પરંતુ વિશ્વના ૧૦ ટોપ શહેરોમાં ભારત સ્થાન મેળવી શકયું નથી. જે શહેરો હકીકતમાં સ્માર્ટ દેખાય છે તેમાં પાયાના પ્રશ્નો તરફ ધ્યાન આપવામાં આવતું નથી. સુરક્ષાની દ્રષ્ટીએ ટોકીયોનું પ્રથમ સ્થાન, બીજુ સીંગાપોર અને ત્રીજું ન્યુયોર્ક આવે છે.

સ્માર્ટ સીટીમાં સુરક્ષા વ્યવસ્થાને ખાસ સમાવવામાં આવી છે. હાલભારતના અનેક શહેરોમાં સુરક્ષા વ્યવસ્થાના નામે છીંડાઓ પણ સ્માર્ટ સીટીમાં સુરક્ષા વ્યવસ્થાને ડીજીટલ અને આધુનિક સાધનોથી સજ્જ કરવામાં આવનાર છે જેથી સ્માર્ટ સીટીમાં રહેનારા લોકો સુરક્ષાને લઈને નિશ્ચિત રહેશે તેવું સરકારનું માનવું છે.ગુજરાત સહીત પુર્વોત્તર રાજયમાં વિકાસશીલ શહેરોમાં અને ગામડાઓ કેટલાછે તે બાબતે સરકારે આયોજન વિભાગે સમીક્ષા કરવી જોઈએ. જ્યારે કોઈપણ યોજના પ્રસ્તુત થાય છે ત્યારે શરૂઆતમાં બહુ જ ઉત્સાહ લાગતો હોય છે પરંતુ થોડા દિવસ બાદ એ ઉત્સાહ ઓસરી જતો હોય છે અને યોજના અભરાઈએ ચઢાવી દેવામાં આવતી હોય છે.કોંગ્રેસની સરકારે ભલે સ્માર્ટસીટી બાબતે વિચાર્યું ન હોય પરંતુ વર્તમાન મોદી સરકાર કોઈપણ યોજના પ્રસ્તુત કરે તેને પરીપૂર્ણ કરવાના પ્રયાસો કરવા જોઈએ. સરકારી દફતરોમાં આ બાબતે અધિકારીઓની કામગીરીની ખરેખર સમીક્ષા થવી જોઈએ. માત્ર પાંચ વર્ષ ટકી રહેવા બાબતે વિચારવાનું નથી પાંચ વર્ષમાં દેશની જનતાના પ્રશ્નોની સાથે સાથે જે વ્યૂહાત્મક આયોજન વિચારવામાં આવ્યું છે તે સંદર્ભે સરકારે કટીબદ્ધ બનવું પડશે.

પત્રકારો ભલે ગમે તેટલા આવે વિરોધીઓનો દાવાનળ ભલે સળગી ઉઠે પરંતુ માત્ર 'વિકાસ' ના સિદ્ધાંતો તરફ સરકારનો દ્રષ્ટીકોણ માત્રને માત્ર સ્વચ્છ હોવો જરૂરી છે.

## કંઈક નરમ ગરમ

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

સાધુ સંતો દ્વારા ઉપદેશ આપવામાં આવે છે. છતાંય પથ્થર પર પાણી..તમારે ભેજુ છે કે કોઈ પંખા ની બંધ પડી ગયેલી ઈલેક્ટ્રિક મોટર જે રીપેર થતી નથી એમ તમે સુધરતા નથી યાદ રહે આ દેશમાં થયેલા એક એક ભગવાનને દુ:ખ પડ્યા છે.હેરાન થયા છે.રામ ને રાવણ નડ્યો કૃષ્ણને બીજા ઘણાં નડ્યા. મહાવીર ને વળી કોઈ ગોવાળીયાએ કાનમાં શૂળો ભોંકી દીધી. બુધ્ધને ય હેરાન થવુ પડ્યુ છે.પણ એક હરફ શબ્દ કાઢ્યો કર્યો હોત તો બોલો જ્યારે તમે તમારી તો જાણે વાત જ રત કરવી.

મારો પડોશી હેરાન કરે છે.ઓફિસનો બોસ ઉભા પગે રાખે છે.ઘરવાળી ઘડી ઘડી ઈન્સ્પેક્ટર થઈને ઈન્કવાયરી લે છે.સાસુ સસરા ને વિશ્વાસ નથી.પૂજારી મંદિરનો કાતીલ નજરે જુએ છે. પાડોશણ મહિલા તમારી સામે એવી નજર બગાડે છે.જાણે અડધા પોણા કલાકમાં એનું અપહરણ કરવાનાં હોય રસ્તે જતો બીજો વાહન ચાલક તમોને વાહન અથડાવી અંગ ભંગ કરી એની દબંગ સ્ટાઈલનું ઉત્તમ કે વસવું ઉદાહરણ તમને આપતો જાય છે.પડોશીના છોકરા આખો દી દડા ટીચી ટીચી તમારા લમણાની કઢી કરે છે. ત્યારે મનોમન થઈ આવે છે કે હે પ્રભુ.....

હા પ્રભુ રામચરણ સુખદાઈ કરી નાખુ...

આજ કાલ મહિલાઓની ચોટલી વાળ કાપવાની ખરી ખોટી ઘટનાઓમાં ગજબનો ઉછાળો આવ્યો છે. એ કોણ કાપે છે શી ખબર પણ સવારના પહોરમાં કયાંક ટીવીનું બટન દબાવતા જ ફલાણી જગ્યાએ ચોટલી કપાણીના સમાચાર જોવા વાંચવા મળે છે. આપણી સંસ્કૃતિનો એક સિધ્ધાંત છે કે કોઈ ને હેરાન ના કરવા, પણ ચોટલા કાપી કોઈને શું મળતુ હશે ખબર નથી.પોલીસ બિચારીને થતું હશે જ્યાં અમે ગુંડા,ગુણીજનો, ચેન તોડનારા, અસામાજિક, દારૂડીયાને બરાબર પકડી શકતા નથી.ત્યાં ગાયો પકડવાનુ આવ્યું હવે ચોટલા કાપનારને બોલાવવા ના...બળી આવી નોકરી...... અરે અરે નોકરી ને બળી કહેવાને બદલે ભજમન રામચરણ સુખદાઈ કહો ને......

સાચે જ જે બનવું જોઈએ એ બનતું નથી અને જે ન બનવું જોઈએ એ આટ આટલી વ્યવસ્થા, ચુસ્ત ગોઠવણ છતાંય બને છે.તેથીજ બળવો કર્યા વગર ગાવા માંડો ભજમન રામ ચરણ સુખદાઈ...તાજેતરમાં દેશના એક જવાબદાર નેતાએ આતંકી ઘટનાને સામાન્ય કહીને બફાટ કરી નાંખ્યા. એક જવાબદારની જીભજુબાન જાણી દુખ થયું.આતંકી ઘટના જ્યાં બને છે ત્યાં મરનાર કે નુકશાન જેનું થયુ હોય એ જાણે. જવાબદારોએ આવા જીભના લવાશ તો આ દેશમાંજ થાય........

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ) મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

અનુસંધાન પાન ૫ નું ચાલુ.

ઉંચી ઈમારતોને આસમાની વીજળીથી બચાવવાને માટે 'તડિત ચાલક' ની શોધ કરી હતી.

ટેલીફોન ને શોધનાર પ્રકારના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક એલેકઝન્ડર ગ્રેહામ બેલે અલગ પ્રકારના પતંગો બનાવીને અનેક પ્રયોગ કર્યા હતા. એમણે પતંગને માનવ ઉપયોગમાં લાવવાને માટે પતંગોના અનેક મોડલો તૈયાર કર્યા હતા. બેલે એક એવો વિશાળ પતંગ પણ બનાવ્યો હતો, જેની પર સવાર થઈને માનવી આકાશમાં ઉડી શકતો હતો. સન ૧૯૦૪ માં સેંટ લુઈસ (મિસૌરી)માં યોજાયેલ આંતરાષ્ટ્રીય પ્રદર્શનોમાં બેલે આ અનોખા પતંગનું પ્રદર્શન કરીને ભારે લોક પ્રિયતા મેળવી હતી. માનવ જાતિને હવાઈ જહાજની ભેંટ કરનાર રાઈટ ભાઈઓએ આ મહાન અવિષ્કારની તૈયારી દરમ્યાન વિશાળ પતંગો પર ખુદ સવાર થઈને આકાશમાં ઉડ્યા હતા. એના દ્વારા એમને હવામાં ઉડવાને માટે વ્યવહારિક પક્ષ પર મહત્વપૂર્ણ જાણકારી મળી, જે હવાઈ જહાજ બનાવવાના કામમાં આવી હતી.

પરંતુ પતંગોનો સીધો માનવ ઉપયોગમાં લાવવાનો શ્રેય મળ્યો ઈંગલેન્ડ ના સ્કૂલ માસ્તર જોર્જ પોર્કાકને એમણે સન ૧૮૨૦ ની આસપાસના એવી બગી બનાવી જે ઉડતા પતંગો સાથે જોરથી ચાલતી હતી. આ અનોખી બગીઓને 'શાર વોલૈંટ' ના નામથી બગીના આગળના ભાગમાં એક જોડેલ પતંગો બાંધીને ઉડાડવામાં આવતો હતો જ્યારે બીજો પતંગ એનાથી ઉંચો ૧૫ ફૂટના અંતરે બાંધવામાં આવતો હતો. એની સાથે મજબૂત દોરી બાંધવામાં આવતી હતી. જેની મદદથી બગીની દિશાને નિયંત્રિત કરવામાં આવતી હતી. એમાં ખાસ વાત એ હતી કે પતંગના જોરથી બગીને હવાની વિરૂધ્ધ અને તરફની દિશા એમ બંને દિશાઓમાં દોડાવી શકાતી હતી. એ સમયે બ્રિસ્ટલની આસપાસ એવા 'પતંગબાજો' ની બગીઓ ખૂબ જોવા મળતી હતી. પરંતુ પૂરી રીતે હવા પર નિર્ભર રહેતી આ બગીઓ કમજોરીના કારણે જલ્દીથી લુપ્ત થઈ ગઈ. પરંતુ પોર્કાકે પોતાના અનુભવો અને વૈજ્ઞાનિક જાણકારીઓને પુસ્તક રૂપે પ્રસ્તુત કરીને દુનિયાભરમાં ખ્યાતિ મેળવી હતી સન ૧૯૦૦ ની આસપાસ મૌસમ વિજ્ઞાનીઓએ ઉપરના વાયુમંડળના હાલ-ચાલ જાણવાને માટે પતંગોનો ઉપયોગ શરૂ કર્યો હતો. એમને સામાન્ય રીતે ચાર કિ.મીની ઉંચાઈ પર પતંગ ઉડાડવામા આવતો હતો. પતંગ ની સાથે કેટલાક વજનમાં હલ્કા ઉપકરણો પણ બાંધવામાં આવતા હતા. જેનાથી આવશ્યક જાણકારી પ્રાપ્ત કરી શકાતી હતી.

પ્રથમ વિશ્વયુદ્ધ દરમ્યાન પતંગોને સૈન્યની જાસૂરત ના કામમાં લેવામાં આવ્યો હતો. એના માટે આકાશમાં એટલા વિશાળ કદના પતંગોને ઉડાડવામાં આવતા હતા કે જેની ઉપર એક માનવી પણ ઉડી શકતો હતો. આ પતંગો ઉપર જાસૂસીનો સર-સામાન જોડાયેલો જોવા મળતો હતો. બીજા વિશ્વયુદ્ધમાં જર્મનીએ સાગરની સપાટી પર દેખરેખ રાખવાને માટે અનેક વિશાળ પતંગો ઉડાડ્યા હતા જેની સાથે અનેક દૂરબીનો લગાડેલાં હતા જેના દ્વારા જાસૂસી કરી શકાતી હતી. કેટલાક પતંગોની સાગરની અંદર સબમરીન સાથે પતંગોને દરિયાની સપાટી પર ઉડાડીને ઉપરના ભાગની જાસૂસી કરવામાં આવતી હતી.

આવા તો અનેક ઉદાહરણો છે જે.માં પતંગો દ્વારા વૈજ્ઞાનિકોએ અનેક પ્રકારની જાણકારી પ્રાપ્ત કરી છે અને વિજ્ઞાને જગતને એક નવી દિશા પ્રદાન કરી છે જેમાં પતંગોનો ઘણો જ ફાળો રહ્યો છે.

પતંગની વૈજ્ઞાનિક ઉપયોગીતા અને માનવ કલ્યાણકારી સંભાવનાઓને જોતા વિજ્ઞાને પતંગ સાથે એક સાચી અને પાકી મિત્રતા બાંધી દીધી હતી.

**કમલેશ કંસારા**
**અમદાવાદ**

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. .................ઉ.વ.
પરિચય: ........................................................
સરનામુ : ......................................................
મોકલનારની સહી : ..........................................